dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 41 | AD - 2024, kartak Sud - 13 | Thursday, Dt.14-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## ૪૩માંથી ૧૦ વિધાનસભા સીટ પર ૭૦ ટકાથી વધુ મતદાન થયું

# ઝારખંડમાં પ્રથમ તબક્કામાં ૪૩ બેઠકો પર ૬૪.૮૬% મતદાન

(એ.આર.એલ),રાંચી,તા.૧૩

૮૧ સભ્યોની ઝારખંડ વિધાનસભાના પ્રથમ તબક્કા માટે આજે મતદાન યોજાયું હતું. પ્રથમ તબક્કામાં રાજ્યની ૪૩ બેઠકો પર સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થયું હતું. ચૂંટણી પંચની યોજના મુજબ, મતદાન સત્તાવાર રીતે ૫ વાગ્યે સમાપ્ત થયું. જો કે, સાંજે ૫ વાગ્યા પછી પણ ઘણા બૂથ પર મતદારોની કતારો જોવા મળી હતી, જેમને મતદાન કરવા દેવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ તબક્કામાં ૪૩ બેઠકો પર ૬૪.૮૬ ટકા મતદાન થયું હતું. પંચના નિયમો અનુસાર, મતદારોને તેમના મતાધિકારનો ઉપયોગ ફક્ત તે જ બૂથ પર કરવાની મંજૂરી છે જ્યાં મતદારો સાંજે ૫ વાગ્યા પહેલા કતારમાં ઉભા હતા. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર બુધવારે પ્રથમ તબક્કામાં ૪૩ બેઠકોમાંથી સેરાકેલા-ખારસાવાન જિલ્લામાં સૌથી વધુ મતદાન થયું હતું. સાંજે ૫ વાગ્યા સુધી અહીં ૭૭.૩૨ ટકા મતદાન થયું હતું. બુધવારે ૪૩માંથી ૧૦ વિધાનસભા સીટ પર ૭૦ ટકાથી વધુ મતદાન થયું હતું. બહારગોરા બીજા ક્રમે છે જ્યાં ૭૬.૧૫ ટકા મતદાન થયું છે. લોહરદગા ૭૩.૨૧ ટકા મતદાન સાથે ત્રીજા સ્થાને છે. પૂર્વ સિંઘભૂમ જિલ્લાની પોટકા વિધાનસભા સીટ પર ૭૨.૨૯ ટકા અને રાજધાની રાંચીની મંદાર વિધાનસભા સીટ પર ૭૨.૧૩ ટકા મતદાન થયું હતું. સરાઈકેલા વિધાનસભા બેઠક પર ૭૧.૫૪% અને ગુમલા જિલ્લાની સિસાઈ વિધાનસભા બેઠક પર ૭૧.૨૧% મતદાન થયું હતું. લોહરદગા જિલ્લાની બિષ્ણુપુર વિધાનસભા સીટ પર ૭૦.૦૬ ટકા મતદાન થયું હતું. પૂર્વ સિંઘભૂમની ઘાટશિલા વિધાનસભા સીટ પર ૭૦.૦૫% મતદાન થયું હતું. લાતેહારમાં ૬૯.૭ ટકા મતદાન થયું હતું. ઓડિશાના રાજ્યપાલ અને ઝારખંડના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન રઘુવર દાસે તેમના પરિવાર સાથે જમશેદપુરમાં મતદાન મથક પર મતદાન કર્યા પછી તેમની શાહીવાળી આંગળી બતાવી હતી. તેમણે કહ્યું, "લોકોની જવાબદારી છે કે તેઓ તેમના ઘરની બહાર આવે અને તેમના મતાધિકારનો ઉપયોગ કરે. જો મહિલાઓનો વિકાસ નહીં થાય, તો દેશનો ક્યારેય વિકાસ નહીં થાય. લોકશાહીમાં મહિલાઓ મોટી સંખ્યામાં ઘરની બહાર નીકળી રહી છે. હું તેનો આદર કરું છું." ભારતીય



ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન અને દિગ્ગજ ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોની બુધવારે સવારે વોટ આપવા માટે રાંચીના ડોરાંડામાં આવેલી જેવીએમ શ્યામલી સ્કૂલ પહોંચ્યા હતા. ધોનીની સાથે તેની પત્ની સાક્ષી પણ મતદાન કેન્દ્ર પર પહોંચી અને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો. ઝારખંડમાં યોજાઈ રહેલી વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં રાજ્યની ૪૩ વિધાનસભા બેઠકો માટે આજે સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થયું. આ ૪૩ બેઠકોમાંથી ઘણી એવી બેઠકો છે જેમાં રાજ્ય અને દેશના અનેક વીઆઈપી રહે છે. આવી સ્થિતિમાં સવારથી જ તમામ બેઠકો પર મતદાન માટે ભારે હોબાળો જોવા મળ્યો હતો. આ તબક્કામાં, રાજ્યપાલ સંતોષ ગંગવારથી લઈને મુખ્યમંત્રી હેમંત સોરેન અને કેન્દ્રીય સંરક્ષણ રાજ્ય મંત્રી સંજય સેઠથી લઈને ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોની સુધીના દરેક જણ પોતપોતાના મતદાન કેન્દ્ર પર પહોંચ્યા અને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો. આ તમામ વીઆઈપીની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેમના મતદાન મથકો પર ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોનીએ પ્રાથમિક શિક્ષણ પોતાના પોલિંગ બૂથ પાસે આવેલી સ્કૂલમાંથી મેળવ્યું હતું. તેમના મતાધિકારનો ઉપયોગ કર્યા પછી, તેમણે તેમના વિસ્તાર અને રાજ્યના લોકોને તેમનો મત આપવા માટે પ્રોત્સાહિત કર્યા.

આ પ્રસંગે તેમની પત્ની સાક્ષી ઉપરાંત તેમના પિતા પાન સિંહ અને માતા પણ મતદાન કરવા પહોંચ્યા હતા. તમને જણાવી દઈએ કે મહેન્દ્ર સિંહ ધોનીનો વોટ ઝારખંડના હટિયા વિધાનસભા ક્ષેત્રમાં છે અને તેનું પોલિંગ બૂથ ડોરાંડાની JVM શ્યામલી સ્કૂલમાં બનાવવામાં આવ્યું હતું. ધોનીએ તેનું શિક્ષણ આ શાળામાંથી મેળવ્યું હતું. સામાન્ય રીતે, દર વખતે તેમનું મતદાન મથક આ શાળામાં હોય છે અને તેઓ તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે તેમના પરિવાર સાથે આવે છે. તેથી, તેના ચાહકોને સંપૂર્ણ આશા હતી કે તે ચોક્કસપણે મતદાન કરવા માટે બહાર આવશે. આથી તેમના મનપસંદ ક્રિકેટરને જોવા માટે સવારથી જ મતદાન મથકની આસપાસ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

ધોની ફેમિલી સાથે બૂથ પર પહોંચતા જ લોકોએ પોતપોતાની સ્ટાઈલમાં શોરબકોર કરીને તેનું સ્વાગત કર્યું હતું. જો કે, તેમની સાથે રહેલા સુરક્ષાકર્મીઓ ભીડમાંથી પસાર થઈને તેમને મતદાન મથકની અંદર લઈ ગયા હતા. પ્રથમ તબક્કામાં ૭૩ મહિલાઓ સહિત કુલ ૬૮૩ ઉમેદવારો મેદાનમાં હતા. પ્રથમ તબક્કામાં પૂર્વ મુખ્યમંત્રી ચંપાઈ સોરેન, કોંગ્રેસ નેતા અજય કુમાર, જેડીયુ નેતા સરયુ રોય, ભાજપના નેતા ગીતા કોડા અને રાજ્યસભા સાંસદ મહુઆ માજી જેવા નેતાઓની પ્રતિષ્ઠા દાવ પર છે. આ સિવાય આજે ૧૦ રાજ્યોની કુલ ૩૧ વિધાનસભા સીટો અને કેરળની વાયનાડ લોકસભા સીટ પર પેટાચૂંટણી પણ યોજાઈ હતી. ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને કહ્યું, 'આજે અમે અમારા સંબંધિત મતદાન મથકો પર ગયા અને અમારા મતાધિકારનો ઉપયોગ કર્યો.

# મણિપુરમાં કુકી ઉગ્રવાદીઓને ઠાર મરાયા બાદ તણાવ વધ્યો

ઈમ્ફાલ,તા.૧૩

મણિપુરમાં હિંસા અટકવાનું નામ લઈ રહી નથી. સોમવારે પોલીસ સ્ટેશનને ઉડાવી દેવા આવેલા ૧૦ કુકી ઉગ્રવાદીઓને સુરક્ષા દળો દ્વારા ઠાર મારવામાં આવ્યા બાદથી તણાવ વધ્યો છે. મણિપુરના જિરીબામમાં આ ઘટના બાદથી ત્રણ મહિલાઓ અને ત્રણ બાળકો ગુમ હોવાના અહેવાલો મળ્યા છે. આ છ જણ મૈતેઈ પરિવારના જ હોવાનું મૈતેઈ સમુદાયે જણાવ્યું છે. વધુમાં મૈતેઈ સમુદાયના અન્ય બે ભાઈઓના મૃતદેહો



પણ મળી આવ્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર, છ લોકોના અપહરણના સમાચાર સાથે ઈમ્ફાલ ખીણમાં ઉગ્ર આંદોલનના કારણે પાંચ જિલ્લામાં સંપૂર્ણપણે બંધનું એલાન છે. પોલીસે ગુમ થયેલા લોકોની શોધખોળ શરૂ કરી છે. સોશિયલ મીડિયા પર આ ગુમ વ્યક્તિઓના ફોટો વાયરલ થયા છે. મૈતેઈ સમુદાય જિરી અપુન્બા લુપ દ્વારા કરવામાં આવેલી ફરિયાદ અનુસાર ગુમ થયેલા છ લોકોમાં તેલેમ થોઈબી દેવી (ઉ.વ.૩૧), તેની દીકરી તેલેમ થાજામંબી દેવી (ઉ.વ. ૮), યુમ્રેમબમ રાની દેવી (ઉ.વ. ૬૦), લૈશ્રામ હેથોબી દેવી (ઉ.વ. ૨૫) અને તેના એક અઢી વર્ષનું અને એક દસ મહિનાનું બાળક સામેલ છે. સોમવારે જિરીબામ પોલીસ સ્ટેશન પર હુમલો કરવા ૧૦ કુકી ઉગ્રવાદીઓ ઉમટી પડ્યા હતાં. જેમને સીઆરપીએફની ટીમે ઠાર માર્યા હતાં. જેમાં એક સીઆરપીએફ જવાન પણ ઘાયલ થયો હતો. તેમની પાસેથી હથિયારો, દારૂગોળો જપ્ત કરવામાં આવ્યા હતા.

### ઘટના બાદ મૈતેઈ પરિવારના ૬ લોકો ગુમ, બે ભાઈઓના મૃતદેહ મળ્યા

આ ઘટનાથી કુકી ઉગ્રવાદીઓ ઉશ્કેરાયા છે અને અનેક ઘરોમાં આગ ચાંપી હતી. સુરક્ષા દળો પણ સ્થિતિ કાબુમાં લેવા પ્રયાસો કરી રહ્યા છે. શાળા-કોલેજો, બજારો બંધ કરવામાં આવ્યા છે. સાર્વત્રિક રૂપે આગામી ૨૪ કલાક સુધી બંધનું એલાન આપવામાં આવ્યું છે.









# ખાલિસ્તાની આતંકવાદી પન્નુની ધમકી બાદ અયોધ્યામાં એલર્ટ



અયોધ્યા,તા.૧૩

ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ હિન્દુઓની આસ્થાનું મોટું કેન્દ્ર અયોધ્યા રામ મંદિર પર હુમલાની ધમકી આપી છે. હવે તેની આ ધમકી બાદ રામનગરીમાં એલર્ટ જાહેર કરી દેતા દેખરેખ વધારી દીધી છે. પન્નુએ એક વીડિયો જારી કરીને ધમકી આપી છે કે, રામ મંદિરમાં ૧૬ અને ૧૭ નવેમ્બરના રોજ હિંસા થશે. આ ધમકી બાદ અહીં રામ મંદિરથી લઈને સમગ્ર રામનગરીમાં એલર્ટ સાથે સઘન સુરક્ષા સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.














# સાવરકુંડલા શહેરમાં ગંદકીનું સામ્રાજ્ય, પાલિકાની બેદરકારી સામે લોકોમાં રોષ

સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલા શહેરમાં વ્યાપેલી ગંદકીની સમસ્યા વધુને વધુ વકરી રહી છે. નગરપાલિકા તંત્રની બેદરકારીના કારણે શહેરના મુખ્ય માર્ગોથી લઈને છેવાડાના વિસ્તારો સુધી ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. દિવાળી અને નવું વર્ષ જેવા તહેવારોમાં પણ શહેરના રસ્તાઓ પર ધૂળની ડમરીઓ ઉડતી જોવા મળી હતી. વાહન ચાલકોને આ ડમરીઓના કારણે વાહન ચલાવવું પણ મુશ્કેલ બની ગયું છે અને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ખુલ્લી ગટરો, કચરાના ઢગલા અને પાણી ભરેલા ખાબોચિયાઓ સામાન્ય બની ગયા છે. આ સ્થિતિમાં મહામારી ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. જાગૃત નાગરિકોએ આ સમસ્યા અંગે ધારાસભ્યને રજૂઆતો કરેલ હતી અને તેમણે અધિકારીઓની મિટિંગ બોલાવી સ્વચ્છતા જળવાય અને શહેરનું વાતાવરણ સુંદર બને તે માટે કડક સૂચનો કર્યા હતા. પરંતુ અધિકારીઓએ આ સૂચનોને અવગણીને કોઈ પગલાં લીધા નથી એવું પ્રાથમિક દ્રષ્ટિએ લાગે છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરને સ્વચ્છ બનાવવા માટે લાખો રૂપિયાની ગ્રાન્ટો આવી રહી છે છતાં શહેરની આ હાલત જોઈને લોકોમાં રોષની લાગણી ફેલાઈ છે.



## સ્થાનિક લોકો દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત

# બગસરાના મોટા મુંજીયાસર ગામમાં મોબાઈલ ટાવર સામે વિરોધ કરાયો

બગસરા, તા.૧૩

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામના હળીયાદ રોડ પર કંપની દ્વારા મોબાઈલ ટાવર બનાવવા માટે કાર્યવાહી શરૂ કરાતા સ્થાનિક લોકોએ વિરોધ કરીને કામગીરી બંધ રાખવા માટે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરેલ છે. લોકોની ફરિયાદ મુજબ ખુલ્લા પ્લોટમાં મોબાઈલ ટાવર ઊભો કરવા માટે હિલચાલ શરૂ થતા આ વિસ્તારના કિશોરભાઈ પરસોતમભાઈ વેગડા તેમજ ૫૦ જેટલા અન્ય લોકો દ્વારા તાલુકા વિકાસ અધિકારી અને ઉચ્ચ અધિકારીઓને આ મોબાઈલ ટાવરનું કામ બંધ રાખવા માટે રજૂઆત કરેલ છે. તેમના જણાવ્યા મુજબ આ મોબાઈલ ટાવરના કારણે લોકોના આરોગ્ય પર ખૂબ જ ગંભીર અસરો થઈ શકે તેમ છે તેમજ નજીકમાં જ આંગણવાડી પણ આવેલ હોવાથી બાળકો ઉપર પણ જોખમ હોવાનું જણાય છે. તમામ લોકો દ્વારા છેલ્લા ઘણા દિવસોથી સરપંચ, તલાટી- મંત્રીને રજૂઆત કરવા છતાં કોઈ નિરાકરણ ન આવતા અંતે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી આ મોબાઈલ ટાવરનું કામ બંધ રાખવા માંગ કરવામાં આવી છે.

# આજે પીઠવાજાળ ખાતે ખટાણા પરિવાર દ્વારા માતાજીનો નવરંગો માંડવો યોજાશે

**માંડવામાં પધારવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યુ**

પીઠવાજાળ, તા.૧૩

આજરોજ પીઠવાજાળ મુકામે ખટાણા પરિવારના આંગણે માતાજીનો નવરંગો માંડવો યોજાશે. આઈ શ્રી ખીમોઈ માતાજી અને મેલડી માતાજીના માંડવાનો શુભારંભ શુભ ચોઘડીયે થશે. સાથોસાથ માતાજીના સામૈયા, બપોરે પ્રસાદી અને થાંભલીના વધામણા પણ કરવામાં આવશે. કુળના રાવળદેવ બાલુભાઈ ગોવિંદભાઈ રાવળ, કલમના ભુવા કરશનભાઈ લાખાભાઈ કાળોતરા અને થાપાના ભુવા સ્વ.વાલાભાઈ ભુવા રહેશે. આ પ્રસંગે છોકરાના કર પણ કરવામાં આવશે. આ માતાજીના માંડવામાં પધારવા સૌ ભક્તોને ખટાણા પરિવાર તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# નાના ભંડારીયા ગામે ઠાકોરજીના વિવાહ યોજાયા

અમરેલી, તા.૧૩

નાના ભંડારીયા ગામે ઠાકોરજીના વિવાહ ભક્તિમય વાતાવરણમાં યોજાયા હતા. વિઠ્ઠલપુર ધારની જાન ખોડીયાર મંદિર ત્રણ ગામ સીમાડે આવી હતી. દાતા કાલસરીયા પરિવાર તથા ગામના ભામાશા બિલ્ડર હીરા ઉદ્યોગપતિ ચતુરભાઈ શેઠ, બિલ્ડર ધનજીભાઈ બાબરીયા, નાયબ મુખ્ય દંડક ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, નાના ભંડારીયાના સરપંચ નરેશભાઈ ત્રાપસિયા, ગામના આગેવાન ઘનશ્યામભાઈ દેવાણી, વિપુલભાઈ ત્રાપસિયા, દકુભાઈ બોઘરા, અશોકભાઈ દેવાણી, ગોવિંદભાઈ વોરા, શંભુભાઈ કથીરીયા, માજી સરપંચ મગનભાઈ બોઘરા, પૂજારી જયંતીભાઈ પ્રેમદાસભાઈ, અન્ય ગ્રામજનોની ઉપસ્થિતિમાં ઠાકોરજીના તુલસી વિવાહ ઉજવાયા હતા. સુરત, નવસારી, મુંબઈ અને અમદાવાદ વગેરેથી મહેમાનો પધારેલા હતા.





## રામદેવપીર મંદિરનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

# બગસરામાં સંતો-મહંતોની નગરયાત્રા, મેગા મેડિકલ કેમ્પનું આયોજન



અમરેલી,તા.૧૩

બગસરાના રામદેવપીર મંદિરનો ભવ્ય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવી રહ્યો છે. ત્રિદિવસીય આ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવમાં હવન અને બ્રહ્મચોર્યાસી સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. લોકડાયરાની રમઝટ બાદ બગસરામાં રામદેવપીર મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત નગર યાત્રામાં સંતો મહંતોના સામૈયા તથા બ્રહ્મલીન મહંત છગન ભગત પ્રવેશદ્વારનું લોકાર્પણ સંતો મહંતોના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. નગરયાત્રા ગોકુળપુરા અરજણભાઈ સોજીત્રાના ઘરેથી નીકળીને સમગ્ર ગોકુળપરા તથા બગસરાના મુખ્ય માર્ગો પર પસાર થઈ અને રામદેવપીર મંદિરે પૂર્ણાહુતિ થઈ હતી તેમજ ધર્મસભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે અમરેલી સિવિલ હોસ્પિટલ દ્વારા મેગા મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યો હતો સાથોસાથ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસથી ચાલી રહેલા રામદેવપીર મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈ સમગ્ર શહેર ભક્તિના રંગમાં રંગાયુ હતું.

# અમરેલી જિલ્લા લાયબ્રેરીમાં બાળકો માટે ત્રિવિધ સર્જન સ્પર્ધા યોજાશે

અમરેલી, તા.૧૩

અમરેલીમાં રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ નિમિત્તે બાળકો માટે ગુરુવારે ત્રિવિધ સર્જન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ચિત્ર, નિબંધ, વક્તવ્યની આ સ્પર્ધા જિલ્લા સરકારી પુસ્તકાલય (લાયબ્રેરી), નાગનાથ મંદિર પાસે બપોરે ૩.૩૦ થી ૫.૦૦ વાગ્યા સુધી યોજાશે. આ સ્પર્ધાનાં વિષયો છે : (૧) જીવનમાં પુસ્તકનું મહત્ત્વ, (૨) વાંચનનું મહત્ત્વ, (૩) પુસ્તકાલયનું મહત્ત્વ, (૪) મને ગમતું પુસ્તક અથવા મેં વાંચેલું પુસ્તક. આ સ્પર્ધામાં કોઈ પણ ઉંમરના બાળકો, કોઈ પણ વિષયમાં, કોઈ પણ ભાષામાં ભાગ લઈ શકશે. ચિત્ર, નિબંધ ઘેરથી તૈયાર કરીને પણ લાવી શકાશે. સ્થળ ઉપર ચિત્ર દોરવા ડ્રોઈંગ પેપર અપાશે.

રંગ વગેરે સ્ટેશનરી બાળકોએ પોતાની લાવવાની રહેશે. નિબંધ લખવા કાગળ - પેન અહીંથી અપાશે. ઉપરોક્ત વિષયનું વક્તવ્ય પણ તૈયાર કરીને લાવવું અને રજૂ કરવું.

# જાફરાબાદના ટીંબી ગામે અકસ્માત સર્જાતા બાઈકચાલકને ગંભીર ઈજા

જાફરાબાદ,તા.૧૩

જાફરાબાદના ટીંબી ગામે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પુરપાટ ઝડપે આવી રહેલ ટ્રકચાલકે બાઈક સવારને અડફેટે લેતા બાઈકચાલકને ઈજા પહોંચી હતી. જેથી ઈજાગ્રસ્ત બાઈકચાલકને ૧૦૮ મારફતે સારવાર માટે જાફરાબાદ હોસ્પિટલ ખસેડાયો હતો. આ ઘટના પગલે નાગેશ્રી પોલીસે ઘટના સ્થળે પહોંચી ટ્રકચાલક સામે કાર્યવાહી હાથ ધરી છે.




# ચલાલાના શ્રી શિવસાંઇ-શનિદેવ મંદિર ખાતે તુલસી વિવાહ સાથે સમૂહલગ્નનું ભવ્ય આયોજન

ચલાલા, તા.૧૩

ચલાલામાં ધારી રોડ પર આવેલ શ્રી શિવસાંઇ-શનિદેવ મંદિર ખાતે શ્રી મોગલ મા માનવ સેવા ટ્રસ્ટ સુરતના સહયોગથી શિવસાંઇ ગ્રુપ દ્વારા તુલસી વિવાહ સાથે સમૂહલગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. ગતરોજ સાંજે કમી કેરાળા ગામના રામજી મંદિરેથી ઠાકોરજીની જાન ચલાલા ખાતે વાજતે ગાજતે આવી હતી. આ સાથે આઠ નવદંપતીઓ નો વિવાહ પ્રસંગ પણ યોજાયો હતો. શિવસાંઇ ગ્રુપ દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ થઈ રહી છે જેમાં સમૂહલગ્નનું આયોજન પણ કરાયું હતું. શિવસાંઇ ગ્રુપ દ્વારા આ ૪૨મા સમૂહલગ્નનું આયોજન કરવામાં આવેલ. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે શિવસાંઇ મંદિરના પૂજારી રાજુભાઈ જાની, લલીતભાઈ મહેતા, પિયુષભાઈ વિભાણી, મિતેશભાઈ ભટ્ટ, કમી કેરાળા ગામના નરેશભાઈ માંગરોળીયા, રામજી મંદિરના મહંત પૂજારી ગુણવંતદાસ ગોરધનદાસ તથા કમી કેરાળા સમસ્ત ગામ સહિત ગ્રુપના તમામ કાર્યકર્તાઓ દ્વારા પ્રસંગને યાદગાર બનાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.



## ખોડલધામ પ્રેરિત સમસ્ત લેઉવા પટેલ સમાજ દ્વારા

# આજરોજ લાઠી મુકામે ૧૧મા સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન

**૨૦ યુગલો લગ્નગ્રંથીએ જોડાઈને પ્રભુતામાં પગલા માંડશે**

અમરેલી, તા.૧૩

લાઠી ખાતે ખોડલધામ પ્રેરિત સમસ્ત લેઉવા પટેલ સમાજ દ્વારા ૧૧મા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આજે તા.૧૪ના રોજ કલાપી વિનય મંદિર લાઠી ખાતે ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાશે. સવારના ૮:૦૦ કલાકે ગણેશ સ્થાપના સાથે, સાંજના ૪:૩૦ કલાકે જાન આગમન, ભોજન સમારંભ, અતિથી સત્કાર સહિતના કાર્યક્રમો યોજાશે. આ સમૂહ લગ્નોત્સવમાં રાજય અને જિલ્લાના સમાજના રાજસ્વી આગેવાનો હાજર રહેશે. આ સમૂહ લગ્નોત્સવમાં ૨૦ યુગલો લગ્નગ્રંથીથી જોડાઈને પ્રભુતામાં પગલા માંડશે. દાતાઓ તરફથી દીકરીઓને ૭૨ જેટલી વસ્તુઓ કરિયાવરમાં આપવામાં આવશે. આજે બપોરે રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ખોડલધામ સમિતિ અને લાઠી સમૂહલગ્ન સમિતિ-સમૂહ લગ્નોત્સવને સફળ બનાવવા માટે તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.









# દામનગરમાં જળાશયો ઉંડા ઉતારી સૌની યોજનાથી પાણી ભરવા રજૂઆત



અમરેલી,તા.૧૩

દામનગરમાં યુવા આર્મી ટીમ દ્વારા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. રજુઆતમાં જણાવાયું હતું કે શહેરના વિવિધ જળાશયો સુજલામ સુફલામ યોજના હેઠળ ઊંડા ઉતારી સૌની યોજના હેઠળ સમાવેશ કરીને ભરવામાં આવે. ગાયકવાડ દ્વારા બંધાવેલ કુંભનાથ તળાવ, જય ભુરખીયા જળ સરોવર નંબર-૧ અને જય ભુરખીયા સરોવર નંબર ૨, ઠાંસા રોડ ચેકડેમ સહિતના દામનગર પંથકના તળાવો ઊંડા ઉતારી સૌની યોજના હેઠળ સમાવેશ કરીને ભરવામાં આવે તો ખેડૂતોને સિંચાઈ માટે ફાયદો થઈ શકે. જિલ્લા પંચાયતની નાની સિંચાઈ હેઠળના તળાવ, ચેકડેમોની દાયકાઓથી કોઈ દરકાર લેવાયેલ નથી. રાજ્યના મોટાભાગના તાલુકાઓમાં અતિવૃષ્ટિ નોંધાયેલ છે ત્યારે દામનગર પંથકમાં નહિવત વરસાદના કારણે તળાવો ખાલીખમ જોવા મળી રહ્યાં છે.

# પીએમ કિસાન યોજનાના લાભાર્થીએ તા.૨૫ પહેલા નોંધણી કરાવવી ફરજિયાત

**વધુ માહિતી માટે મામલતદાર, સ્થાનિક તલાટી-મંત્રીનો સંપર્ક કરવો**

અમરેલી,તા.૧૩

રાજ્યમાં તા.૧૫ ઓક્ટોબર, ૨૦૨૪થી ખેડૂત નોંધણી શરુ છે. પીએમ કિસાન યોજના તળે આગામી ડિસેમ્બરના હપ્તા માટે ભારત સરકાર દ્વારા ખેડૂત આઈ.ડી.ની નોંધણી ફરજિયાત છે. પીએમ કિસાન યોજનાના લાભાર્થીએ આ લાભ મેળવવા તા.૨૫ નવેમ્બર, ૨૦૨૪ પહેલા નોંધણી કરાવવી. વેબપોર્ટલથી દરેક ગ્રામ પંચાયત કચેરીમાં નોંધણી થશે અને વધુમાં ખેડૂત જાતે પણ નોંધણી કરી શકશે. રાજ્યના તમામ ખેડૂતોએ ખેડૂત આઈ.ડી.ની નોંધણી ફરજિયાત કરવી. ખોટી નોંધણી રદ થશે. ફાર્મર રજીસ્ટ્રી હેઠળ ખેડૂતોને આંગળીના ટેરવે ખેતીવાડીલક્ષી તમામ ધિરાણ સંબંધી લાભ સરળતાથી મળશે. ભારત સરકાર દ્વારા પીએમ કિસાનના લાભાર્થી ખેડૂતના આગામી હપ્તા માટે ખેડૂત આઈ.ડી.ની નોંધણી ફરજિયાત કરી છે. અમરેલી જિલ્લાના પીએમ કિસાન યોજના અંતર્ગત લાભ મેળવતા તમામ ખેડૂત મિત્રોને ખેડૂત આઈ.ડી.ની નોંધણી ફરજિયાત પણે કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ અંગેની વધુ વિગતો માટે આપના ગામના તલાટી કમ મંત્રી/ સીટી તલાટી(કસ્બા તલાટી) તેમજ તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીશ્રી/ તાલુકા મામલતદારનો સંપર્ક કરવો.

# તા.૨૭મીએ બાબરા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

અમરેલી,તા.૧૩

બાબરા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૭ નવેમ્બર, ૨૦૨૪ને બુધવારના રોજ સવારે ૧૧ કલાકે બાબરા તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા.૧૫ નવેમ્બર, ૨૦૨૪ સુધીમાં બાબરા તાલુકા મામલતદાર કચેરી ખાતે રુબરુ અથવા પોસ્ટ મારફતે મોકલવા. અરજીના મથાળે "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" અવશ્ય લખવું, તેમ બાબરા તાલુકા મામલતદારની યાદીમાં જણાવાયુ છે.

# સાવરકુંડલા સ્વામિનારાયણ ગુરુકુળની બહેનોએ રાજ્ય કક્ષાએ અં.-૧૭ બેઝબોલમાં ત્રીજું સ્થાન મેળવ્યું



સાવરકુંડલા,તા.૧૩

બનાસકાંઠાના ડીસા ખાતે તાજેતરમાં બહેનો માટે રાજ્ય કક્ષાની અંડર-૧૭ બેઝબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં અમરેલી જિલ્લાની ટીમમાં સાવરકુંડલાની શ્રી સ્વામિનારાયણ ગુરુકુળની સમગ્ર સ્કૂલની ટીમે ગુજરાતમાં ત્રીજું સ્થાન મેળવ્યું છે. ગુરુકુળ શાળાનાં રમત-ગમતના કોચ તરીકે દીપકભાઈ વાળા તથા ઝાલાભાઈ હતા. તેઓ વિદ્યાર્થિનીઓના સર્વાંગી વિકાસમાં ખૂબ જ સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. ગુરુકુળ શાળાની ટીમ વિજેતા થતાં સંસ્થાના વડા પૂજ્ય ભગવત પ્રસાદદાસજી સ્વામી, ગુરુકુળના પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદદાસજી સ્વામી, કોઠારી અક્ષરમુક્ત સ્વામી, શાળાના ટ્રસ્ટીઓ તેમજ વિવિધ શાળાના પ્રિન્સિપાલ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સંસ્થાએ ગુજરાત બેઝબોલ ફેડરેશન ઓફ ગુજરાતના સેક્રેટરી અનિકેતભાઈ તેમજ ફેડરેશનના હોદ્દેદારોનો પણ આભાર માન્યો હતો.

# અમરેલીમાં હાર્ટ એટેકથી મહિલાનું થયુ કરૂણ મોત

**અમરેલી સિટી પોલીસના એએસઆઇએ તપાસ શરૂ કરી**

અમરેલી, તા.૧૩

રાજ્યની સાથે અમરેલીમાં હાર્ટ એટેકની ઘટનામાં વધારો થયો છે. અમરેલી શહેરમાં હાર્ટ એટેકથી એક મહિલાનું મોત થયું હતું. બનાવ અંગે જયશ્રીબેન રૂગનાથભાઈ કુવારદા (ઉ.વ.૪૪)એ જાહેર કર્યા મુજબ, દિપાબેન ગીરીશભાઈ ભખવાડીયાનું હાર્ટ એટેકથી મોત થયું હતું. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.કે. પટેલ વધુ તપાસ કરી રહ્યા છે.




રાજ ફેમિલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.


# સા.કુંડલા ખાતે સંત મુળદાસજીની જન્મ જયંતીની ઉજવણી



અમરેલી,તા.૧૩


સાવરકુંડલા લુહાર જ્ઞાતિ સમાજ વાડી ખાતે લુહાર જ્ઞાતિ સંત મહાત્મા મુળદાસજીનો ૩૫૦મો જન્મ જયંતી મહોત્સવ પ્રસંગે સવારે ૯-૦૦ કલાકે પૂજ્ય સંત મહાત્મા મુળદાસજીનું પૂજન, ધ્વજારોહણ, આરતી વગેરે કાર્યક્રમો યોજાયા હતા. ત્યારબાદ બપોરે મહાપ્રસાદનો કાર્યક્રમ યોજાયો હતો. આ સમગ્ર કાર્યક્રમ લુહાર જ્ઞાતિ સમાજ વાડી ખાતે ઉમંગ ઉત્સાહ સાથે ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સાવરકુંડલા તેમજ તાલુકાના લુહાર બંધુઓએ સહભાગી બની ધન્યતા અનુભવી હતી.


# સાવરકુંડલા મામલતદાર બારૈયાની બદલી થતા વિદાય સમારંભ યોજાયો



સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલા મામલતદાર તરીકે છેલ્લા ઘણા સમયથી ફરજ બજાવતા એચ.એચ. બારૈયાની સાવરકુંડલાથી પોતાના વતન તરફ મહેસાણા જિલ્લાના વીજાપુર ખાતે બદલી થતા સાવરકુંડલા જૈન સમાજના અગ્રણી અને જીવદયા પ્રેમી આજીવન ગૌસેવક જયેશભાઈ માટલીયા, અમીતગીરી ગોસ્વામી અને તેમની ટીમ દ્વારા સાવરકુંડલા તાલુકામાં પ્રામાણિકતાથી અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવનાર મામલતદાર એચ.એચ. બારૈયાને વિદાયમાન આપવામાં આવ્યું હતું.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી







## અવસાન નોંધ

**બગસરા**

સ્વ. બવબાપુ મોહનબાપુ કાપડીયા (ઉ.વ.૭૫)નું તા.૧૨/૧૧/૨૦૨૪ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે આપાગીગા મંદિર મહંત જેરામબાપુના નાના ભાઈ તેમજ ભગુબાપુ તથા કોઠારીબાપુના મોટાભાઈ તેમજ મુકેશભાઈ અને કિશોરભાઈના પિતા થાય છે. તેમનું બેસણુ ૧૪ને ગુરૂવારના રોજ આપાગીગા મંદિર ખાતે સવારે ૮થી સાંજના ૫ સુધી રાખેલ છે.

**અમરેલી**

સ્વ.જસુમતીબેન મૂળશંકર વ્યાસ ઔદિશ ઝાલાવાડી બ્રાહ્મણ (ઉ. વ. ૭૨) જે ભદ્રેશભાઇ જિલ્લા પંચાયત અમરેલી અનિલભાઈ પ્રાથમિક શાળા દેવળીયા તથા વિપુલભાઈ નૂતન સ્કુલ અમરેલી તથા ઉષાબેન રાજેશકુમાર ભટ્ટ નૂતનમિડલ અમરેલીના માતૃશ્રી તથા જય જતન ભાવાર્થ તના પર્વ તેમજ ઋતવીના દાદીમાંનું દુઃખદ અવસાન તા.૧૩/૧૧/૨૦૨૪ ના રોજ થયેલ છે


શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144

HOLIDAY HOTEL

સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી



પ્રોફેશનલ ફેમિલી સ્પા હવે
અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી


એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665


## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૮૨/૨૦૨૪

અરજદાર :- શ્રી ભીમાભાઈ લાખાભાઈ બારૈયા
સરનામું :- મું.વારાહસ્વરૂપ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી,- વારાહસ્વરૂપ
મું.વારાહસ્વરૂપ, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વારાહસ્વરૂપ** ગામના શ્રી ભીમાભાઈ લાખાભાઈ બારૈયા એ તેમના પુત્ર નામે **શ્રી કાનાભાઈ ભીમાભાઈ બારૈયા નો** જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૧ માહે. નવેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૧૧/૧૧/૨૦૨૪

(કોર્ટનો સિક્કો)

સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ


વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# અમરેલી જિલ્લામાં વાહનચોરીના ૪ ગુનાઓનો ભેદ ઉકેલાયો

**ખાંભાના રાયડી ગામના ઈસમને એલસીબીએ દબોચ્યો**

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લામાં ચોરીઓના ગુનાઓ અચર્યા બાદ ગુનાઓના ભેદ ઉકેલવા અમરેલી એલસીબી ટીમ સક્રિય થતા અલગ અલગ ૪ ચોરીના ભેદ ઉકેલવામાં આવ્યા છે. અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના રાયડી ગામના દિલુભાઈ દડુભાઈ માંગાણીને ઝડપી લેતા પૂછપરછ દરમ્યાન બે ભાર રીક્ષા અને બે મોટરસાઈકલની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. જેમાં એક ભાર રીક્ષા નંબર GJ-૦૩-Z-૪૮૭૦,અન્ય ભાર રીક્ષા અને હોન્ડા કંપનીની ડ્રિમ નિયો મોડલની મોટર સાયકલ અન્ય એન્જીન સહિત મુદ્દામાલ ચોર પાસેથી મળી આવતા એલસીબીએ કબ્જે લઈ વધુ પૂછપરછ શરૂ કરવામાં આવી છે. અન્ય કોઈ ચોરીઓ કરી છે કે કેમ? અન્ય વ્યક્તિઓ સંડોવાયેલા છે કે કેમ? તે દિશામાં પણ પોલીસ તપાસનો



ધમધમાટ ચાલી રહ્યો છે. અમરેલી શહેરમાં કુંકાવાવ રોડ ઉપર ભાર રીક્ષા નંબર GJ-૦૩-Z-૪૮૭૦ રીક્ષા થોડા દિવસ પહેલા ચોરી થયા બાદ સિટી પોલીસ સ્ટેશનમાં ચોરીનો ગુનો નોંધાયો હતો અને અન્ય એક નંબર પ્લેટ વગરની ભાર રીક્ષાની આશરે ત્રણેક મહિના પહેલા બગસરા નટવરનગર વિસ્તારમાંથી ચોરી થઈ હતી જેનો અગાઉ બગસરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલો હતો. હીરો હોન્ડા બાઈક ૨૫ દિવસ પહેલા સાવરકુંડલા તાલુકાના મોટા જીંજુડા ગામ રોડ ઉપરથી આવેલ વાડી વિસ્તારમાંથી ચોરી થયાની સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. અન્ય એક મોટર સાઈકલ થોડા દિવસ પહેલા સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડમાંથી ચોરી કરી ભાગ્યા બાદ રોડ ઉપર પેટ્રોલ પૂરું થઈ જતા રોડની બાજુમાં મૂકી દીધા બાદ પોલીસને પેટ્રોલીંગ દરમ્યાન મળી આવતા મૂળ માલિકને સોંપવામાં આવ્યું છે.

# ચલાલા ગાયત્રી ધામ ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયુ

**મોતિયાના દર્દીઓના વિનામૂલ્યે ઓપરેશન કરાયા**

અમરેલી,તા.૧૩

ચલાલા ગાયત્રી ધામ ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આસપાસના અનેક ગ્રામ્ય વિસ્તારના લોકો દ્વારા લાભ લેવામાં આવ્યો હતો. જેમાં સરસીયા આયુર્વેદિક કેમ્પ યોજાયો



હતો જેમાં મોતિયાના દર્દીઓને રાજકોટ રણછોડદાસ બાપુની હોસ્પિટલ ખાતે ઓપરેશન માટે મોકલવામાં આવ્યા હતા. આ આયોજન ભારતભૂષણ મહેશભાઈ મહેતા તેમજ શીતલબેન મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

# લાઠીના જરખીયા ગામે મંદિરની દાનપેટીમાંથી એક લાખની ચોરી

લાઠી, તા.૧૩

લાઠીના જરખીયા ગામની સીમમાં મનુભાઈ ગોબરભાઈ કાકડીયાની વાડીએ તેમના પરિવારના સુરાપુરા દાદાના મંદિરની દાનપેટીમાંથી અજાણ્યો ઈસમ રોકડા એક લાખ ચોરીને ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે વિપુલભાઈ પ્રવિણભાઈ કાકડીયા (ઉ.વ.૩૮)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેણે વાવવા રાખેલી વાડીએ આવેલા કાકડીયા પરિવારના સુરાપરા દાદાના મંદિરનો મેઈન દરવાજો તોડી ત્રાટકેલો અજાણ્યો ચોર ઈસમ દાનપેટીમાં રહેલા રોકડા રૂપિયા એક લાખ લઈને ફરાર થઈ ગયો હતો. લાઠી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ. જે.બરવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં વીડિયો વાયરલ કરવાની ધમકી આપી યુવકને અંધારામાં લઈ જઈ લૂંટી લીધો

**જાનથી મારવાની પણ ધમકી આપી**

રાજુલા, તા.૧૩

રાજુલા એક યુવકને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી અંધારામાં લઈ જઈ લૂંટી લેવામાં આવ્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની પણ ધમકી આપી હતી. બનાવ અંગે છતડીયા ગામે રહેતા મહીપતભાઈ ધીરૂભાઈ વાળા (ઉ.વ.૩૨)એ વડ ગામે રહેતા શીવાભાઈ વાલાભાઈ ધાખડા તેમજ રાજુલામાં રહેતા જીગો કુંભાર અને વિપુલ નાનજીભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા સાહેદ હિતેષભાઈ બાબરીયા રાજુલા રાજમંદિર હોટલ પાસે માવો ખાવા માટે ઉભા હતા. તે વખતે મહીપતભાઈ વાળાએ તેમની પાસે આવી દારૂનો ધંધો ન કરતા હોવા છતાં દારૂ વેચાતો માંગ્યો હતો. જેથી તેમણે દારૂ આપવાની ના પાડતા આરોપીને સારું નહોતું લાગ્યું અને જેમફાવે તેમ ગાળો આપી પોતાની સાથે માણસો લઈને આવું છું તેમ કહી જતા રહ્યા હતા. જે બાદ ત્રણેય જણા તેઓ જ્યાં ઉભા હતા ત્યાં આવી વીડિયો ઉતારી વીડિયો વાયરલ કરવાની ધમકી આપી જેમફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. તેમજ તેમની સાથે ઝપાઝપી કરી ધક્કો મારી નીચે પછાડી દઈ મૂંઢ ઈજા કરી હતી. ઢસડીને અંધારામાં લઈ તેમના ખિસ્સામાંથી રોકડા રૂ.૧૦,૦૦૦ ની લૂંટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એમ. કોલાદરા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં રાજમંદિર હોટલ પાસેથી દારૂના જથ્થા સાથે બે ઈસમો પકડાયા

રાજુલા, તા.૧૩

રાજુલામાં રાજમંદિર હોટલ પાસેથી દારૂની બોટલો સાથે બે ઈસમો પકડાયા હતા. તેમની પાસેથી ખાલી બોટલો પણ મળી આવી હતી. છતડીયા ગામે રહેતા મહીપતભાઈ ધીરૂભાઈ વાળા તથા રાજુલામાં રહેતા હિતેષભાઈ ભાણાભાઈ બાબરીયા પાસેથી અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટના વિદેશી દારૂની સાત બોટલો તેમજ ૨૩ ખાલી બોટલો મળી આવી હતી. પોલીસે કુલ ૪૫૫૮ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એમ. કોલાદરા વધુ તપાસ કરી રહ્યા છે. ચલાલામાંથી ચાર, દામનગર અને બાબરામાંથી એક-એક મળી કુલ છ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં મળી આવ્યા હતા.

# બગસરા નગરપાલિકા દ્વારા શાકમાર્કેટના લારીધારકો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરાશે

બગસરા તા.૧૩

બગસરા પાલિકા દ્વારા શાકમાર્કેટમાં વર્ષોથી દબાણ કરીને બેઠેલા લારીધારકો માટે નવી વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરી ટ્રાફિકનો પ્રશ્ન હલ કરવા માટે તૈયારી શરૂ કરી છે. આ ઉપરાંત શાકમાર્કેટમાં વ્યવસ્થા માટે પાલિકા દ્વારા બે કર્મચારીની નિમણૂક કરી છે. બગસરા શહેરની શાકમાર્કેટમાં પ્રવેશ કરવો માથાના દુ:ખાવા સમાન થઈ ગયો હતો. થોડા સમય પહેલાં પાલિકા દ્વારા દંડ કરી સપાટો બોલાવવામાં આવતા સ્ટોલ ધારકો તેમજ લોકોએ હાશકારો લીધો હતો. તેમજ આ માર્કેટમાં જ્યાં ત્યાં ગંદકીના ગંજ જામેલા હતા તેની પણ સફાઈ કરવામાં આવી હતી. વધુમાં જ્યારથી શાકમાર્કેટની અંદર બનેલ યુરિનલ પણ ચાલુ કરવા ચીફ ઓફિસર દ્વારા હુકમ કરવામાં આવ્યો હતો. આ બાબતે બગસરા પાલિકાના ચીફ ઓફિસર દ્વારા જણાવવામાં આવ્યું કે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી શાકમાર્કેટનું રીનોવેશન કરી નૂતન બનાવવામાં આવશે, નવી વ્યવસ્થા ઊભી કર્યા બાદ કોઈપણ વેપારીને રસ્તામાં લારી રાખી ઉભા દેવામાં આવશે નહીં, આવું કરનાર તમામને દંડ ફટકારવામાં આવશે. તેમજ શાકમાર્કેટ માટે હાલ બે કર્મચારીઓની કાયમી નિમણૂક કરી હોવાનું પણ જણાવ્યું હતું.

# રાજુલામાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થીઓમાં બબાલ થઈ : ઓફિસમાં કરાઈ તોડફોડ

**સફીર કાબરીયાએ ચાર લોકો સામે રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૧૩

રાજુલામાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થીઓમાં માથાકૂટ થઈ હતી અને ગાળો આપી હતી. બનાવ અંગે સફીરભાઈ ઉસ્માનભાઈ કાબરીયા (ઉ.વ.૨૭)એ હફીજભાઈ કાદરભાઈ કાબરીયા, અમનભાઈ કાદરભાઈ કાબરીયા, જાવીદભાઈ યુનુસભાઈ કાબરીયા તથા ઈરફાનભાઈ યુનુસભાઈ કાબરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા આરોપીઓ ટ્રાન્સપોર્ટનો એક સરખો ધંધો કરતા હોવાથી આ વાત આરોપીઓને ગમતી નહોતી. જેથી હફીજભાઈ કાબરીયાએ તેમને ફોન કરી ગાળો આપી હતી. તેમજ ઓફિસે જઈ લોખંડની ઈંગલ વડે ઓફિસના કાચ તોડી નાખી નુકસાન કરી, શરીરે મુંઢ ઈજા પહોંચાડીને જેમફાવે તેમ ગાળો આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના સરસીયા ગામે પરિણીતાએ અગાસી પરથી પડતું મૂકતાં મોત

ધારી, તા.૧૩

ધારીના સરસીયા ગામે એક મહિલાએ અગાસી પરથી પડતું મૂકતાં મોતને ભેટી હતી.

બનાવ અંગે કાળુભાઈ ગુલાબભાઈ નાડ (ઉ.વ.૩૯) એ જાહેર કર્યા મુજબ, ગુલસનબેન કાળુભાઈ નાડ (ઉ.વ.૪૨)ને છેલ્લા એક વર્ષથી માનસિક બીમારી હતી. જેનાથી કંટાળીને ઘરેથી નીકળી જઈ પોલીસ લાઈનના ક્વાર્ટરની અગાસી પરથી પોતાની મેળે પડતું મૂકતાં મોતને ભેટી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.કે. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: તેરસ
તા. ૧૪-૧૧-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૪૩,
સૂર્યાસ્ત-૦૫:૨૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અશ્વિની

## દૈનિક રાશિફળ

તા.૧૪-૧૧-૨૦૨૪ ગુરૂવાર

મેષ: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

વૃષભ: કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે.

મિથુન: ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો.

કર્ક: આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે.

સિંહ: ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

કન્યા: દિવસભર વ્યસ્તતા રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો.

તુલા: આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે.

ધન: ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે.

મકર: કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

કુંભ: આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી.

મીન: આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો.









## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૯૩/૨૦૨૪

અરજદાર :- શ્રી ડાભી ભાણીબેન રામભાઈ
સરનામું :- મું.બલાણા તા.જાફરાબાદ, જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી-બલાણા
મું.બલાણા,તા.જાફરાબાદ, જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બલાણા** ગામના શ્રી ડાભી ભાણીબેન રામભાઈ એ તેમની પુત્રી નામે **શ્રી રાણીબેન રામભાઈ ડાભી નો** જન્મ તા.૦૧/૦૧/૧૯૭૯નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી કીર્તિકુમાર.એમ.બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૧ માહે. નવેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૧૧/૧૧/૨૦૨૪

(કોર્ટનો સિક્કો)

સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૯૯/૨૦૨૪

અરજદાર :- શ્રી ભાલીયા સોમાતભાઈ ભગવાનભાઈ
સરનામું :- મું.વારાહસ્વરૂપ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વારાહસ્વરૂપ
મું.વારાહસ્વરૂપ, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વારાહસ્વરૂપ** ગામના શ્રી ભાલીયા સોમાતભાઈ ભગવાનભાઈએ તેમની પુત્રી નામે **શ્રી ભાલીયા કિરણબેન સોમાતભાઈ નો** જન્મ તા.૧૭/૦૪/૨૦૦૩ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૧ માહે. નવેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૧૧/૧૧/૨૦૨૪

(કોર્ટનો સિક્કો)

સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૮૭/૨૦૨૪

અરજદાર :- શ્રી સોલંકી રાકેશભાઈ લાખાભાઈ
સરનામું :- મું.પીપળીકાંઠા વિસ્તાર, જાફરાબાદ, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી- જાફરાબાદ, મું.જાફરાબાદ, તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના શ્રી **સોલંકી રાકેશભાઈ લાખાભાઈ** એ તેમના પિતા નામે **સ્વ.શ્રી સોલંકી લાખાભાઈ રાણાભાઈનું મરણ તા.૦૯/૦૬/૨૦૦૫** નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રીઆઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે. નવેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૧૧/૧૧/૨૦૨૪

(કોર્ટનો સિક્કો)

સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તંત્રી લેખ**

# વાયુ પ્રદૂષણનું પ્રમાણ હવે અનિયંત્રિત બન્યું

દિવસે દિવસે વાયુ પ્રદૂષણનો પ્રશ્ન વધુ ને વધુ ગંભીર બનતો જાય છે અને તેને કારણે લોકોના આરોગ્ય ઉપર માઠી અસર થાય છે. આપણા દેશમાં વાયુ પ્રદૂષણનો પ્રશ્ન વધતી જતી વાહનોની સંખ્યાને કારણે ઉભો થયો છે. ભારતના દિલ્હી, મુંબઈ, કલકત્તાથી માંડી હૈદરાબાદ અને હૈદરાબાદથી માંડી અમદાવાદ સુધીના મહાનગરોમાં વાયુ પ્રદૂષણના પ્રશ્નો દિવાળી બાદ ભયંકર રીતે વધતા જાય છે જેને કારણે લોકોના આરોગ્ય પર ગંભીર અસર પહોંચે છે. ખાસ કરીને શ્વસન તંત્રને લગતા રોગોથી લોકોની મુશ્કેલીમાં વધારો થાય છે ખાસ કરીને વયોવૃદ્ધ સિનિયર સિટીઝન અને માસુમ બાળકો આનાથી વધુ પ્રભાવિત થાય છે. વિશ્વ હવામાન સંગઠનના તાજા અહેવાલ મુજબ છેલ્લા બે દાયકાના સમયગાળા દરમ્યાન ગ્રીન હાઉસ ગેસના પ્રમાણમાં ૧૦ ટકા જેટલો વધારો નોંધાયો છે. ૨૦૨૩માં પ્રદૂષણનું વૈશ્વિક પ્રમાણ ટોચે પહોંચી ચૂક્યું છે. ભારતને લાગે વળગે છે, ત્યાં સુધી હાલ દિલ્હી અને તેને સંલગ્ન ઉત્તર ભારતના વિસ્તારોમાં વાયુ પ્રદૂષણ બેહદ વધી જાય છે. માત્ર દિલ્હી જ નહીં પરંતુ અન્ય મહાનગરોમાં પણ વાયુ પ્રદૂષણ ભયાનક થતુ જાય છે આવી રીતે આપણી નદીઓ પણ વધુને વધુ પ્રદૂષિત થઈ જાય છે. ગત સપ્તાહે છઠ પૂજાના પ્રસંગે દિલ્હીમાં તથા મથુરામાં યમુના નદીમાં એટલી હદ સુધી પ્રદૂષણ હતું કે પવિત્ર સ્થાન કેવી રીતે કરવું તે લોકોને મન મોટી મૂંઝવણ હતી. આ રીતે ગંગામાં પણ પ્રદૂષણ વધતું જાય છે અહીં મુખ્ય પ્રશ્ન વાયુ પ્રદૂષણનો છે જે સૌથી વધુ ગંભીર બાબત છે, દેશ આખામાં પ્રદૂષણને નિયંત્રણમાં રાખવામાં ભારે સાવચેતી સાથે ત્વરીત પગલાં નહીં લેવાય, તો દિવાળી અને પરાળીની મોસમ બાદ પણ આખાં વર્ષ દરમ્યાન હવામાં ઝેરનું પ્રમાણ જોખમી સ્તરે રહેશે. દિલ્હી અને એનસીઆરના પ્રદૂષણનો જોખમી મુદ્દો લાંબા સમયથી દરેક મોસમમાં ચર્ચામાં રહે છે. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (એનજીટી) સંબંધિત રાજ્ય સરકારો અને પ્રદૂષણ નિયંત્રિત કરવાની જવાબદારી સંભાળતી એજન્સીઓની સામે કડક વલણ લેતી રહી છે. સર્વોચ્ચ અદાલત પણ આ મામલે સતત ચેતવણી આપે છે. દિલ્હીમાં દિવાળીના એક મહિના અગાઉ તમામ તંત્રો સફાળાં જાગે છે અને પ્રદૂષણની ચેતવણી આપવાનું શરૂ કરી દે છે, પરંતુ કમનસીબી એ રહે છે કે, દિવાળીની મોસમ અને પરાળીને આગ ચાંપવાનો સમય પૂરો થઈ ગયા બાદ પ્રદૂષણ ઓછું થઈ જાય એટલે તમામ લોકો આ જોખમને વિસરી જતા હોય છે. છેલ્લાં ઘણાં વર્ષથી ચાલતાં આ ઝેરી હવાનાં વિષચક્ર સમયે થતાં જ્ઞાનની અસર તળે કોઈને પણ લાંબાગાળાનો વિચાર કરીને કાર્યયોજના અમલી બનાવવાનું જાણે સૂઝતું નથી હોતું. દિવાળીના સમયમાં ફટાકડાને કારણે ભયાનક રીતે વાયુ પ્રદૂષણ વધી જાય છે. દિલ્હી સહિતના મહાનગરોમાં ફટાકડાના પ્રદૂષણને નિયંત્રણમાં લેવાના નિયમો જાહેર થાય છે. ગુજરાતમાં પણ ૧૨:૦૦ વાગ્યા સુધી ફટાકડા ફોડવા તેવો આદેશ જાહેર કરવામાં આવ્યો પરંતુ આ નિયમનો કડક અમલ કોઈ દિવસ હજુ સુધી થયો નથી તે કડવી હકીકત છે. કાયદા છે પણ અમલ જ ન થાય તો હાલત બદતર બનતી રહેવાની.

# અસાધ્ય ગણાતા ડાયાબિટીસને યોગ દ્વારા કંટ્રોલ કરીને સ્વસ્થ જીવન જીવી શકાય છે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

વિશ્વભરમાં ડાયાબિટીસના રોગીઓની સંખ્યા પુરઝડપે વધી રહી છે. ગુજરાત પણ તેમાં પાછળ નથી. ગુજરાતમાં ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા માની ન શકાય તેટલી હદે વધતી જાય છે. ડાયાબિટીસ ક્રોનિક બની જાય પછી જીવન જીવવું અતિ મુશ્કેલ બની જાય છે. યોગ દ્વારા ડાયાબિટીસને કંટ્રોલ કરીને નિમ્ન સ્તરે સહેલાઈથી લાવી શકાય છે. યોગ દ્વારા ગુજરાતને ડાયાબિટીસ મુક્ત કરવાનું કાર્ય અશક્ય લાગે પરંતુ અશક્ય નથી. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોગ દ્વારા ડાયાબિટીસ મુક્ત ગુજરાતનું અભિયાન શરૂ થઈ ચૂક્યું છે.ડાયાબિટીસ લાઈફ સ્ટાઈલ વિશેષ છે તે ચુપકે ચુપકે શરીરમાં પ્રવેશે છે અને દર્દીને ઘણી વખત તો લાંબા સમય સુધી ખબર પણ પડતી નથી કે પોતે ડાયાબિટીસનો ભોગ બની ચૂક્યો છે. આધુનિક મેડિકલ સાયન્સ એમ કહે છે કે ડાયાબિટીસ થયા પછી મટતું નથી. પરંતુ સત્ય હકીકત એ છે કે ડાયાબિટીસને કંટ્રોલ કરીને તેની વિઘાતક અસરથી મુક્ત રહી શકાય છે. આયુર્વેદ કહે છે મોટાભાગના માનવીઓ કડવો અને તૂરો રસ લેતા નથી માત્ર તે તીખો, ખારો, ગળ્યો રસ લે છે. આ અનબેલેન્સનું બીજું નામ ડાયાબિટીસ છે. આયુર્વેદમાં મધુ પ્રમેહ કહેવામાં આવે છે.ડાયાબિટીસ એ એક દીર્ઘકાલીન રોગ છે જે કાં તો ત્યારે થાય છે જ્યારે સ્વાદુપિંડ પૂરતું ઈન્સ્યુલિન ઉત્પન્ન કરતું નથી અથવા જ્યારે શરીર તે ઉત્પન્ન કરે છે તે ઈન્સ્યુલિનનો અસરકારક રીતે ઉપયોગ કરી શકતું નથી. ઈન્સ્યુલિન એ એક હોર્મોન છે જે લોહીમાં શર્કરાનું નિયમન કરે છે.લોહીમાં રહેલા ગ્લુકોઝને પચાવી શકવાની અક્ષમતાને કારણે લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ જરૂરી સામાન્ય સ્તર કરતાં સતત ઊંચું રહે તો તેને ડાયાબિટીસ મેલિટસ કહેવાય છે. આ અક્ષમતા અપૂરતા ઈન્સ્યુલિન સ્ત્રાવ કે ઈન્સ્યુલિનના ખામીભર્યા કાર્યને કારણે થાય છે, કેટલાક કિસ્સાઓમાં બંને કારણો જવાબદાર હોય છે. ડાયાબિટીસના મુખ્ય ત્રણ પ્રકાર ટાઈપ ૧ ડાયાબિટીસ મેલિટસ ટાઈપ ૨ ડાયાબિટીસ મેલિટસ ગર્ભાવસ્થાનો ડાયાબિટીસ આઈડીએફના ૨૦૧૯ના અહેવાલ પ્રમાણે વિશ્વમાં ૧૮ વર્ષથી મોટી ઉંમરના નવ ટકા લોકોને ટાઈપ ૨ ડાયાબિટીસ છે. ભારતમાં આ આંકડો ૧૦.૪ ટકા છે, જે ૨૦૪૫ સુધીમાં ૧૧.૧ ટકા થવાની શક્યતા છે. ૮થી ૧૨ કલાક સુધી ભૂખી રહેલી વ્યક્તિમાં ગ્લુકોઝનું પ્રમાણ ૭૦થી ૧૦૦ મિલિગ્રામ પ્રતિ ડિએલ હોય છે, જેને ફાસ્ટિંગ બ્લડ સુગર કહેવાય છે. સામાન્ય ભાષામાં આપણે જેને જમ્યાના બે કલાક પછીનું બ્લડ સુગર કહી શકીએ તે ૧૪૦ની નીચે હોય છે. ડાયાબિટીસથી પીડાતી વ્યક્તિમાં આ પ્રમાણ અનુક્રમે ૧૨૬ અને ૨૦૦થી વધુ થઈ જતું હોય છે.આ સિવાય HbA1C - ગ્લાઈકોસિલેટેડ હિમોગ્લોબિનથી પણ ડાયાબિટીસની પરખ કરી શકાય છે. હિમોગ્લોબિનનું પ્રમાણે પુરુષોમાં ૧૩ ગ્રામ પ્રતિ ડીએલ અને મહિલાઓમાં ૧૨ ગ્રામ પ્રતિ ડીએલ હોવું જોઈએ; કુલ હિમોગ્લોબિન પૈકી ૬.૫ ટકાથી વધુ હિમોગ્લોબિન HbA1C પ્રકારનું હોય તો તે વ્યક્તિને ડાયાબિટીક




કહી શકાય. ટેસ્ટ છેલ્લા ત્રણ મહિનામાં જે-તે વ્યક્તિનું ગ્લુકોઝ લેવલ સરેરાશ કેટલું રહ્યું છે, તેનો અંદાજ આપે છે. આથી દરદીની દવાઓના ડોઝમાં વધ-ઘટ કરવામાં મદદ મળે છે. ટાઈપ ૧ ડાયાબિટીસ બાળવયે પણ થઈ શકે છે, હાલમાં તેનો એકમાત્ર ઈલાજ એ છે કે આજીવન ઈન્સ્યુલિનનાં ઈંજેક્શન લેવાં પડે. તમામ પ્રકારના ડાયાબિટીસમાં ગ્લુકોઝનું પ્રમાણ ઉપર જણાવ્યું એ હદ કરતાં વધુ હોય છે. ટાઈપ ૧ ડાયાબિટીસમાં આ માટે ઈન્સ્યુલિનનો અપૂરતો સ્ત્રાવ કારણભૂત હોય છે. સ્વાદુપિંડના બીટા પ્રકારના કોષોનો ઓટોઈમ્યુન રીતે વિનાશ થતાં શરીરમાં ઈન્સ્યુલિનનું ઉત્પાદન ઘટી જાય છે. ઓટોઈમ્યુનિટીને સાદી ભાષામાં સમજીએ તો શરીરના લડાયક સૈનિક કોષો ગફલતમાં શરીરના જ કોષો પર હુમલો કરી બેસે છે. આ સ્થિતિમાં શરીર માટે ઊર્જાનો પ્રાથમિક સ્ત્રોત ગણાતું ગ્લુકોઝ લોહીમાં પૂરતા પ્રમાણમાં હોવા છતાં ઈન્સ્યુલિનની ઓછપના કારણે તેનો ઉપયોગ થઈ શકતો નથી. ટાઈપ ૧ ડાયાબિટીસ મહદંશે બાળવયે જ થાય છે, હાલમાં તેનો એકમાત્ર ઈલાજ એ છે કે આજીવન ઈન્સ્યુલિનનાં ઈંજેક્શન લેવાં પડે.૧૯૨૧માં બે ડૉક્ટર ફેડરિસ બેન્ટિંગ અને ચાર્લસ બેસ્ટે કૂતરાના સ્વાદુપિંડમાંથી ઈન્સ્યુલિનની શોધ કરી હતી. ડૉ બેન્ટિંગ અને તેમના સહાયકોની પરિવર્તન આણનારી આ શોધને ૧૯૨૩નું તબીબી વિજ્ઞાનનું નોબેલ પારિતોષિક પણ એનાયત થયું હતું. રોજેરોજ ડાયાબિટીસ ધરાવતા હજારો લોકોના જીવ બચાવતા આ વિચક્ષણ સંશોધનને આ વર્ષે ૧૦૦ વર્ષ પૂરાં થયાં. ડૉક્ટર બેન્ટિંગના જન્મદિવસના માનમાં જ ૧૪મી નવેમ્બરે વિશ્વ ડાયાબિટીસ ડે મનાવાય છે. ઈન્સ્યુલિનની શોધ થઈ એ પહેલાં બાળકો રોગ થયાનાં એકાદ-બે વર્ષમાં જ મૃત્યુ પામતાં હતાં. આજે અલગ-અલગ પ્રકારનાં ઈન્સ્યુલિન ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓ માટે ઉપલબ્ધ છે. ટાઈપ ૨ ડાયાબિટીસ માટે જીવનશૈલી જવાબદાર છે. ચિંતાની વાત એ પણ છે કે ભારતમાં શહેરોની સાથે-સાથે ગામડાઓમાં પણ ડાયાબિટીસનો વ્યાપ વધી રહ્યો છે, જે માટે બદલાતી જીવનશૈલી કારણભૂત છે. મેદસ્વીપણું અને તેની સાથે સંકળાયેલું ઈન્સ્યુલિનનું કાર્ય તેના મૂળમાં છે. શરૂઆતી લક્ષણો ઘણાં હળવાં હોવાથી અને સ્વાસ્થ્ય સેવાઓની ઉપલબ્ધિ ન હોવાના કારણે ભારતમાં આજે પણ ૪૦ ટકા ડાયાબિટીસના દરદીઓનું નિદાન થઈ શક્યું નથી. વર્ષે બેથી ત્રણ વખત HbA1Cના પ્રમાણની તપાસ કરાવવી. ડાયાબિટીસ સંલગ્ન આડઅસરોની તપાસ અને સારવાર કરાવવી. (જેમકે આંખ, કિડની અને નસોની વાર્ષિક પરીક્ષણ)ત્રણ મહિને એક વખત બ્લડપ્રેશર માપવું. વર્ષે એક વખત લિપિડ પ્રોફાઈલ મપાવવું. માનસિક અને સામાજિક સંભાળ અને સધિયારો આપવો મુખ્ય છે. યોગ દ્વારા ડાયાબિટીસને કેવી રીતે નિયંત્રિત કરી શકાય તેની મહત્વની વિગતો દરેકે જાણવી જરૂરી છે. આયુર્વેદની દ્રષ્ટિએ રોગના મુખ્ય ત્રણ પ્રકાર પડે છે જેમાં સહજ સાધ્ય રોગ. બીજો પ્રકાર છે કષ્ટ સાધ્ય રોગ અને ત્રીજો પ્રકાર છે અસાધ્ય રોગ. સહજ સાધ્ય રોગ સહેલાઈથી મટી જાય છે. કષ્ટ સાધ્ય રોગ મહામુશ્કેલીએ મટે છે. અને અસાધ્ય રોગ કદાપી મટતો નથી. ઓચિંતા હાર્ટ અટેક આવે બ્રેઈન સ્ટ્રોક આવે કે પછી ડાયાબિટીસ ક્રોનિક બની જાય પછી આ રોગ મટી શકે નહીં આથી તે અસાધ્ય કહેવાય છે. ડાયાબિટીસને પણ અસાધ્ય રોગની કક્ષામાં મૂકવામાં આવે છે. કોઈપણ રોગ હોય તેના પ્રાથમિક સ્ટેજની અંદર જો યોગ્ય સારવાર લેવામાં આવે તો તે ચોક્કસ મટી શકે છે. કેન્સર પણ પ્રાથમિક તબક્કામાં સારવાર લઈ લેવામાં આવે તો મટી જાય છે અને માનવી લાંબુ જીવન જીવી શકે છે. આવી જ રીતે જો માનવી ખાવાપીવામાં ખ્યાલ રાખે, વ્હાઈટ પોઈઝન એટલે કે ખાંડ તથા મીઠું તથા સફેદ ક્ષારો બને એટલા ઓછા અને તેમાં નિયંત્રણ રાખે તો ડાયાબિટીસ થતો નથી, આયુર્વેદની દ્રષ્ટિએ કડવો અને તુરો રસ વધારે પ્રમાણમાં લેવામાં આવે તો ડાયાબિટીસ કંટ્રોલમાં આવે છે અથવા તો જીવનભર થતો નથી જોકે આ રોગ થવાના એકથી વધુ કારણો હોય છે તેમાં કયું કારણ જવાબદાર છે તે ઉપર છેલ્લી રીતે કહી શકાય નહીં. ટૂંકમાં ડાયાબિટીસ થાય નહીં તે માટે રોજ વહેલા સુઈ વહેલા ઉઠો, સૂર્ય નમસ્કાર કરો, અને યોગ કરો તો ડાયાબિટીસથી તમે મુક્તિ પામી શકશો અને જો ડાયાબિટીસ થયો હશે તો તેને સહેલાઈથી કંટ્રોલ કરી શકશો તે એક હકીકત છે.

**ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ દ્વારા ડાયાબિટીસ નિયંત્રણનો એક રાજ્યવ્યાપી કાર્યક્રમ શરૂ થઇ ચૂક્યો છે. દરેક માનવીએ સૂર્ય નમસ્કાર અને અષ્ટાંગ યોગ કરીને ડાયાબિટીસને કંટ્રોલ કરવો જોઇએ. જે વ્યક્તિ નિયમિત યોગ કરે છે તેને ડાયાબિટીસ થતો નથી.**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૫૯૦ | ૬૨૦ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૭૦ |
| જુવાર સફેદ | ૭૨૦ | ૮૨૭ |
| બાજરી | ૫૦૫ | ૫૫૫ |
| તુવેર | ૧૧૫૦ | ૨૧૦૦ |
| ચણા પીળા | ૧૧૫૦ | ૨૧૦૦ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૨૮૦૦ |
| અડદ | ૧૧૮૦ | ૧૭૧૩ |
| મગ | ૧૧૭૫ | ૧૫૫૧ |
| વાલ દેશી | ૧૧૫૦ | ૧૭૧૦ |
| ચોળી | ૨૦૦૦ | ૩૨૬૦ |
| વટાણા | ૧૬૫૦ | ૩૭૬૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૨૪૮ |
| મગફળી જીણી | ૯૮૦ | ૧૧૪૯ |
| તલી | ૨૦૫૦ | ૨૭૫૦ |
| સુરજમુખી | ૬૬૦ | ૬૬૦ |
| એરંડા | ૧૧૭૫ | ૧૨૭૦ |
| અજમો | ૧૨૦૫ | ૨૨૫૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| સોયાબીન | ૭૨૫ | ૮૬૦ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૪૧૦ |
| કાળા તલ | ૨૯૬૦ | ૩૯૫૦ |
| લસણ | ૪૬૫૦ | ૬૩૫૦ |
| ધાણા | ૧૨૯૦ | ૧૪૮૨ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૩૦૦૦ |
| ધાણી | ૧૩૦૦ | ૧૪૭૧ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૩૯૨ |
| જીરૂ | ૧૦૨૧ | ૧૩૬૫ |
| રાય | ૧૦૪૦ | ૧૩૨૪ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૯૪ |
| કલોંજી | ૩૭૨૫ | ૩૭૨૫ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૫૫ |
| રજકાનું બી | ૪૦૦૦ | ૫૪૬૫ |
| ગુવારનું બી | ૮૭૦ | ૯૪૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૭૦૦ | ૧૧૦૦ |
| બટેટા | ૩૦૦ | ૭૧૦ |
| ડુંગળી સુકી | ૧૩૦ | ૭૫૦ |
| ટમેટા | ૬૦૦ | ૮૫૦ |
| સુરણ | ૯૫૦ | ૧૨૫૦ |
| કોથમરી | ૨૦૦ | ૫૫૦ |
| મુળા | ૪૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૪૨૦ | ૮૫૦ |
| કોબીજ | ૨૫૦ | ૩૫૦ |
| ફલાવર | ૪૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૫૦ | ૬૫૦ |
| ગુવાર | ૧૦૫૦ | ૧૪૫૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૨૦૦ | ૪૫૦ |
| દુધી | ૧૬૦ | ૨૪૦ |
| કારેલા | ૩૫૦ | ૬૫૦ |
| સરગવો | ૫૦૦ | ૨૦૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૫૦ |
| પરવર | ૮૫૦ | ૯૫૦ |
| કાકડી | ૨૫૦ | ૬૫૦ |
| ગાજર | ૯૫૦ | ૧૦૫૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૨૫૦ | ૭૫૦ |
| મેથી | ૩૦૦ | ૮૦૦ |
| વાલ | ૮૫૦ | ૧૦૫૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૫૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૫૦ |
| હળદર લીલી | ૪૫૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૨૮૦ | ૪૪૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૭૫ | ૧૨૭૦ |
| શિંગ મોટી | ૮૮૬ | ૧૨૧૮ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૭૯૫ | ૨૭૩૫ |
| તલ કાળા | ૨૭૪૦ | ૪૦૭૦ |
| તલ કાશ્મીરી | ૩૧૪૫ | ૩૨૪૫ |
| ઘઉં ટુકડા | ૫૫૨ | ૬૯૨ |
| ઘઉં લોકવન | ૫૫૬ | ૬૭૦ |
| જુવાર | ૪૦૦ | ૮૧૦ |
| એરંડા | ૧૦૪૫ | ૧૨૧૮ |
| ચણા | ૧૦૫૦ | ૧૩૫૬ |
| કપાસ | ૭૩૦ | ૧૫૭૧ |
| જીરું | ૪૩૧૦ | ૪૪૬૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૬૫ |
| સોયાબીન | ૬૦૫ | ૮૪૯ |
| મરચા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૩૦ | ૫૫૦ |
| રીંગણાં | ૬૦૦ | ૮૦૦ |
| ફુલાવર | ૭૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૫૦ |
| ટામેટા | ૬૦૦ | ૭૫૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૮૦૦ | ૧૨૦૦ |
| દૂધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૫૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૨૦૦ |
| ચોળા લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૩૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૮૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૮૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૫૦ |
| બીટ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી સૂકી | ૩૩૦ | ૧૦૦૦ |
| મકાઇ | ૨૦૦ | ૪૫૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૮૦૦ | ૯૫૦ |
| ડુંગળી | ૧૦૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૩૦૧ | ૧૬૦૧ |
| ઘઉં લોકવન | ૫૦૧ | ૬૨૮ |
| શીંગ જીણી | ૭૨૧ | ૧૧૮૬ |
| શીંગ મોટી | ૭૩૧ | ૧૩૪૧ |
| એરંડા/એરંડી | ૧૧૮૧ | ૧૨૬૬ |
| જીરૂ | ૩૬૪૧ | ૪૯૯૧ |
| ડુંગળી લાલ | ૧૯૧ | ૯૮૧ |
| અડદ | ૧૧૪૧ | ૧૭૦૧ |
| ધાણા | ૧૦૯૫ | ૧૩૫૫ |
| મગ | ૧૦૧૧ | ૧૭૨૧ |
| ચણા | ૧૨૫૧ | ૧૪૨૧ |
| ગોગળી | ૭૦૦ | ૯૮૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૩૧ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૬૦ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૬૦૦ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૫૭૬ |
| કપાસ | ૧૪૭૫ | ૧૫૮૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૩૧ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૬૧ |
| જુવાર | ૬૨૨ | ૮૫૧ |
| ચણા | ૧૦૮૦ | ૧૫૭૧ |
| ધાણા | ૧૨૪૦ | - |
| સોયાબીન | ૭૫૦ | ૮૩૪ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૯૧ |
| મગફળી | ૭૦૦ | ૧૧૪૨ |
| સોયાબીન | ૬૫૦ | ૮૫૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૫૯૫ |
| કપાસ કોડી | ૧૧૨૦ | ૧૩૦૦ |
| મગફળી નવી | ૧૧૧૯ | ૧૨૨૧ |
| અડદ | ૧૧૭૦ | ૧૩૪૦ |
| ઘઉં | ૫૦૬ | ૬૩૪ |
| જીરૂ | ૪૦૫૫ | ૪૬૪૫ |
| તલ | ૨૦૭૦ | ૨૩૫૦ |
| તલ સફેદ | ૨૦૭૦ | ૨૩૫૦ |
| ચણા | ૧૧૪૫ | ૧૩૮૫ |
| સોયાબીન | ૭૮૧ | ૮૦૯ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૧૯૦ | ૧૬૦૦ |
| શીંગ ૩૨ | ૯૭૦ | ૧૧૨૨ |
| શીંગ ૩૯ | ૯૪૪ | ૧૧૬૮ |
| શીંગ જી-૨૦ | ૧૦૫૧ | ૧૨૨૭ |
| એરંડા | ૮૪૦ | ૮૪૦ |
| જુવાર | ૩૦૬ | ૮૨૮ |
| બાજરી | ૪૬૫ | ૬૪૪ |
| ઘંઉ ટુકડા | ૫૬૧ | ૭૨૧ |
| અડદ | ૪૯૨ | ૧૮૧૫ |
| સોયાબીન | ૮૧૧ | ૮૮૮ |
| ચણા | ૧૦૦૧ | ૧૨૪૯ |
| તલકાળા | ૩૬૦૦ | ૩૬૦૦ |
| તલસફેદ | ૧૮૦૦ | ૨૬૪૮ |
| જીરૂ | ૪૬૯૩ | ૪૬૯૩ |
| ડુંગળી લાલ જુની | ૫૦૦ | ૯૫૧ |
| ડુંગળી લાલ નવી | ૧૮૦ | ૮૬૮ |
| ડુંગળી સફેદ | ૧૬૩ | ૭૯૮ |
| કપાસ શંકર | ૧૪૪૬ | ૧૪૯૭ |
| નાળીયેર | ૬૫૦ | ૩૦૪૦ |
| **કોડીનાર** | | |
| મગફળીજી-૨૦ | ૧૦૪૦ | ૧૨૨૭ |
| મગફળીરૂ૨નં. | ૯૭૧ | ૧૧૨૪ |
| બાજરી | ૫૦૦ | ૫૯૫ |
| ઘઉં | ૫૨૫ | ૬૫૭ |
| સફેદ તલ | ૧૯૫૦ | ૨૫૫૦ |
| સોયાબીન | ૭૦૫ | ૮૫૬ |
| જુવાર | ૬૦૦ | ૮૩૧ |
| અડદ | ૧૨૦૦ | ૧૮૫૬ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૧૨ |
| મગ | ૧૦૦૦ | ૧૪૫૪ |
| કપાસ | ૧૩૦૮ | ૧૫૮૩ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૬૦ |
| ઘંઉ લોકવન | ૫૪૯ | ૬૦૫ |
| ઘંઉ ટુકડા | ૫૦૦ | ૬૨૫ |
| અડદ | ૯૦૫ | ૧૪૦૧ |
| સોયાબીન | ૫૯૫ | ૭૭૨ |
| ચણા સફેદ | ૧૩૩૫ | ૧૪૧૦ |
| મગફળી | ૭૬૫ | ૯૮૦ |
| ચણા | ૯૩૦ | ૧૩૦૫ |
| શીંગદાણા | ૧૧૪૦ | ૧૨૧૨ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૧૦૦ |
| તલ સફેદ | ૨૨૧૫ | ૨૩૩૦ |
| ધાણા | ૧૧૮૫ | ૧૩૦૦ |
| બાજરો | ૪૭૦ | ૪૭૦ |
| રાય | ૧૦૪૦ | ૧૦૪૦ |
| તુવેર | ૧૭૨૦ | ૧૭૨૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૩૫૬ | ૧૫૬૩ |
| કપાસ સી ગ્રેડ | ૪૬૫ | ૧૦૩૨ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૧૧ | ૧૧૭૦ |
| તલ સફેદ | ૨૧૨૧ | ૨૫૫૦ |
| કપાસ | ૧૪૧૧ | ૧૫૨૫ |
| બાજરો | ૪૬૬ | ૬૨૬ |
| ઘંઉ ટુકડા | ૪૫૧ | ૭૧૭ |
| જુવાર | ૫૬૦ | ૮૩૧ |
| મગ | ૨૭૦૧ | ૨૮૦૧ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ચણા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| જીરૂ | ૩૯૨૫ | ૩૯૨૫ |
| સોયાબીન | ૭૫૪ | ૮૩૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૭૬ | ૧૫૪૯ |
| મગફળી | ૯૧૧ | ૧૧૮૦ |
| સોયાબીન | ૭૭૭ | ૭૯૦ |
| ઘંઉ | ૫૮૦ | ૫૮૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૨૦ | ૧૫૪૫ |
| મગફળી | ૮૦૦ | ૧૧૩૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૧૩૦ |
| ઘંઉ | ૯૦ | ૬૬૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૪૦૦ | ૧૪૦૦ |
| મકાઇ | ૪૨૫ | ૪૨૫ |

## શબ્દ સંજોગ-૧૯૦૦



**આડી ચાવી :**
(૨) કદાચ, કદાપિ (૨)
(૩) સુરતનું જમણને...નું મરણ (૨)
(૫) નિમાયેલુ, નીમવામાં આવેલું (૩)
(૭) ભમરડો ફેરવાની દોરી (૨)
(૮) બંગાળના એક ભાગનું પ્રાચીન નામ (૨)
(૯) સ્મરણ, હોંશ (૨)
(૧૦) સાંબેલુ (૩)
(૧૧) અપ્રાપ્ય (૩)
(૧૨) સોના કે ચાંદીનું અતિ પાતળું પતરું (૩)
(૧૩) આજે વિદ્યાર્થીઓ... વિનાનું ભણતર ઈચ્છે છે (૨)
(૧૪) ચાસણીમાં રાખેલો કેરી વગેરે ફળનો પાક (૩)
(૧૬) જગત, લોક (૩)
(૧૮) શંકર ભગવાન આની માળા પહેરતા (૩)
(૧૯) અર્ધ ભાગ (૨)
(૨૦) કવિતા કરનાર (૨)
(૨૨) દેશ, પ્રદેશ (૩)
(૨૪) હીંચકો, નુકસાન (૨)
(૨૫) દૂધ (૨)
(૨૬) "આટલી...મારા ખાતામાં જમા કરજો" (૩)
(૨૭) આઠ (૨)

**ઉભી ચાવી :**
(૧) નુકસાન, પાયમાલી (૨)
(૨) રૂધિર (૨)
(૩) ક્રોધ, દુકાળ (૨)
(૪) પત્ર, પત્રિકા (૩)
(૬) જોડું (૩)
(૭) પશુ (૪)
(૮) અપૂર્ણાંકમાં લીટી ઉપરનો અંક (૨)
(૧૦) મોંનો દેખાવ (૪)
(૧૧) આશ્ચર્ય કારક ચમત્કાર (૪)
(૧૫) રક્ષણ કરનાર (૩)
(૧૭) નવલું (૩)
(૧૮) ઝાંઝરનો અવાજ (૪)
(૨૧) વિશેષતાવાળું (૩)
(૨૨) મોહ પામેલું (૨)
(૨૩) ટેક્સ, હસ્ત (૨)

## શબ્દ સંજોગ-૧૮૯૯ જવાબ

**આડી ચાવીઃ** (૧) રામાનુજાચાર્ય (૪) રાંપ (૬) સાગર (૮) શ્લોક (૯) ભૂમિતિ (૧૦) મણકો (૧૨) શક (૧૩) માતંગ (૧૪) તર (૧૫) બાવો (૧૬) જમ્મર (૧૮) કાસદ (૨૦) વા (૨૩) અરણેજ (૨૫) સંતાકૂકડી.
**ઉભી ચાવીઃ** (૧) રાય (૨) નુરી (૩) ચાલાક (૪) રાંગ (૫) પરજ (૬) સાસણ (૭) શ્રમિક (૯) ભૂશલાકા (૧૦) મગજ (૧૧) કોતર (૧૩) માવો (૧૫) બાદ (૧૭) મ્મતર(તમ્મર) (૧૯) સવિતા (૨૧) ભૂજ (૨૨) ફૂંક (૨૪) ણેભા (ભાણે).

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# રાજકોટ રેલવે સ્ટેશન સહિત ૧૮ સ્થળોએ 'પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર'નું વર્ચ્યુઅલ લોકાર્પણ કરતા મોદી

રાજકોટ,તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે દરભંગા, બિહાર ખાતેથી રાજકોટ રેલવે સ્ટેશન અને ગુજરાત રાજ્યના વાપી, ચાંદલોડીયા સહિત સમગ્ર ભારતમાં ૧૮ સ્થળોએ પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્રોનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આશરે રૂ. ૧૦.૨૩ લાખના




ખર્ચે નિર્માણ કરવામાં આવેલ રાજકોટ ખાતેના જન ઔષધિ કેન્દ્ર થકી મુસાફરો અને મુલાકાતીઓને જન ઔષધિ ઉત્પાદનોની ઝડપી પહોંચની સુવિધા મળશે. સસ્તી આરોગ્ય સંભાળના સરકારના વિઝન સાથે જોડાયેલા આ જન ઔષધિ કેન્દ્ર પર ૫૦ થી ૯૦% સુધી ઓછી કિંમતમાં સસ્તી દવાઓ ઉપલબ્ધ થશે.

સાંસદ પુરૂષોત્તમભાઈ રૂપાલાએ દેશમાં ૧૮ રેલવે સ્ટેશન પર પ્રારંભ થતાં જન ઔષધિ કેન્દ્રોમાં રાજકોટ સ્ટેશનના સમાવેશ અંગે હર્ષ વ્યકત કર્યો હતો.

# એસી ટ્રેનના કોચમાંથી ૧૨ બેડશીટ ચોરી કરનારા બે શખ્સો ઝડપાયા

**શિહોર રેલ્વે સ્ટેશન પર ફરજ પરના પોઈન્ટ્સમેન દ્વારા કાર્યવાહી**

શિહોર,તા.૧૩

શિહોર રેલવે સ્ટેશન પર ફરજ બજાવી રહેલા રાજકુમાર પોઈન્ટ્સ મેન દ્વારા એ બે વ્યક્તિઓને ટ્રેનના એરકન્ડિશન્ડ કોચની બેડશીટ સાથે શિહોર સ્ટેશનની બહાર જતા જોતા તે વ્યક્તિઓને બૂમ પાડીને થોભવાનું કહેતા બન્ને વ્યકતિઓ ત્યાંથી ભાગવા લાગ્યા હતા. પોઈન્ટ્સમેન ગેંગમેને દોડીને બંને વ્યક્તિને પકડી લીધા હતા, ઝડપાયા બાદ બંને વ્યક્તિઓને શિહોર સ્ટેશન માસ્ટરની ઓફિસે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં ફરજ બજાવી રહેલા સ્ટેશન માસ્ટર સાગર પરમારે શિહોર સ્ટેશનના જીઆરપીને ફોન કરી ઘટનાની જાણ કરી હતી. જે બાદ સ્ટેશન માસ્ટર દ્વારા આ ઘટના અંગે આરપીએફ પોસ્ટ ભાવનગરને



જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાં સબ ઈન્સ્પેકટર અશ્વિન વરૂ અને કોન્સ્ટેબલ નારસંગએ શિહોર સ્ટેશને પહોંચ્યા અને ઘટનાની તપાસ કરતાં જાણવા મળ્યું કે, બંને પાસે એસી કોચની બેડશીટના ત્રણ- ત્રણ પેકેટ કુલ ૧૨ નંગ બેડસીટ હતી, જેને બંને વેચવાના ઈરાદાથી લઈ જઈ રહ્યા હતા. સ્ટેશન માસ્ટરે તે બે વ્યક્તિને આગળની કાર્યવાહી માટે રેલવે પ્રોટેક્શન ફોર્સ RPFને સોંપી દીધા. ભાવનગર ટર્મિનસ પોસ્ટના સબ ઈન્સ્પેક્ટર અશ્વિન વરૂ તપાસ ચલાવી રહ્યા છે.

# મહેસાણામાં રેલવે ફાટક નજીક ટ્રેન અડફેટે બે પિતરાઈ ભાઈઓના મોત

મહેસાણા,તા.૧૩

મહેસાણામાં અમરાપરા રેલવે ફાટક નજીક ટ્રેનની અડફેટે આવતા બે કૌટુંબિક ભાઈઓ મોતને ભેટ્યા છે. મહેસાણાના વિસનગર લિંક રોડ પર આવેલા શિવમ હેરિટેજમાં રહેતાં ૧૬ વર્ષીય દિવ્ય પરમાર અને તેનો કૌટુંબિક ભાઈ તરુણ પરમાર મોડી રાત્રે અગમ્ય કારણોસર અમરાપર પાસે રેલવે ટ્રેક પાસે પહોંચ્યા હતાં, જ્યાં ટ્રેને અડફેટે લેતાં બંનેનું ઘટનાસ્થળે જ મોત



નિપજ્યું હતું. સમગ્ર બનાવ વિશે પોલીસને જાણ થતાં પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. બંને કિશોરના મૃતદેહને મહેસાણાની સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# પશુપાલકોના હિતને ધ્યાનમાં લઈ 'પશુધન વીમા સહાય યોજના' અમલમાં મુકતી રાજય સરકાર

ગાંધીનગર,તા.૧૩

ગુજરાતના પશુપાલકોના વ્યાપક હિતને ધ્યાને લઈ રાજ્ય સરકારે ચાલુ વર્ષે રૂ. ૨૩ કરોડની બજેટ જોગવાઈ સાથે "પશુધન વીમા સહાય યોજના" અમલમાં મૂકી છે. પશુમૃત્યુના સંજોગોમાં પશુપાલકોને થતા આર્થિક નુકસાન સામે રક્ષણ પૂરું પાડવાના શુભ આશયથી રાજ્ય સરકારે આ યોજના અમલમાં



મૂકી છે. આ યોજનાનો લાભ મેળવીને ગુજરાતનો પશુપાલક વીમાની રકમમાંથી નવુ પશુ ખરીદીને પશુપાલન વ્યવસાય ચાલુ રાખી શકશે, તેમ પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું. ગાંધીનગર ખાતે પશુપાલન મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત પશુધન વિકાસ બોર્ડ અને ICICI લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિ. વચ્ચે MoU કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પશુપાલન મંત્રીએ કહ્યું કે, પશુધન વીમા યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક પશુપાલકો ઓનલાઈન અરજી કરી શકે તે માટે તા. ૧૪ નવેમ્બરથી આગામી એક મહિના સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવશે. અરજી કરી હોય તેવા પશુપાલકો પૈકી પસંદ થયેલા પશુપાલકોને પ્રતિ લાભાર્થી ૧ થી ૩ વેતરના હોય તેવા ગાય-ભેંસ વર્ગના મહત્તમ ૩ પશુઓ માટે આ સહાય આપવામાં આવશે.

# તુલસીશ્યામ મંદિરે ભવ્ય અન્નકૂટ મહોત્સવ ઉજવાયો

ઉના, તા.૧૩

તુલસીશ્યામ ખાતે તુલસીશ્યામ ટ્રસ્ટ દ્વારા ભવ્ય અન્નકૂટ મહોત્સવ દેવ દિવાળીના દિવસે વર્ષોથી ઉજવવામાં આવે છે. શ્યામના અન્નકૂટ મહોત્સવમાં મોટી સંખ્યામાં લોકો દર્શન કરવા આવે છે અને પ્રથમ સવારમાં ગરમકુંડમાં સ્નાન કરી આરતીનો લાભ લઈ અને શ્યામને સુંદર નવા વાઘાથી કપડા પહેરાવી શણગારવામાં આવે છે. અન્નકૂટમાં ૧૫૧ જેટલી જુદી જુદી મીઠાઈની વાનગીઓ,



ફુટની વાનગીઓ તેમજ મુખવાસ ભગવાનના ચરણોમાં ધરવામાં આવે છે. બપોરે ભગવાનને અન્નકૂટનો મહાપ્રસાદનો અલગ એક થાળ પણ ધરવામાં આવે છે.

# ડોળાસા બસ સ્ટેશન વિસ્તારમાં ખાડા અને ધૂળની ડમરીથી જનતા ત્રાહિમામ

ડોળાસા તા.૧૩

કોડીનાર તાલુકાના ડોળાસા ગામમાંથી પસાર થતો નેશનલ હાઈવે ચોમાસાની શરૂઆતથી જ તદ્દન બિસ્માર હાલતમાં છે. છેલ્લા છ માસથી મગરની પીઠ જેવા આ રોડમાં બે બે ફૂટના ખાડા પડી ગયા છે. ધૂળના ગોટાથી શ્વાસ લેવામાં પણ તકલીફ થાય છે.



તસવીર : અનિલ કાનાબાર

ધૂળની ડમરીથી બચવા કેટલાક વેપારીઓએ સ્વખર્ચે રોડ ઉપર ખાડાઓમાં પાણી ભરેલુ રાખવા લાગ્યા છે. નેશનલ હાઈવે ઓથોરિટીને આ બાબતે ડોળાસા ગ્રામ પંચાયત અને ડોળાસા વેપારી મંડળ દ્વારા અવારનવાર રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવતા લોકોમાં રોષની લાગણી છવાઈ છે. આ રોડ બનાવવાની કામગીરી સત્વરે નહીં કરવામાં આવે તો ગામના વેપારીઓએ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

# ઉનામાં અનુ. જાતિ પ્રતિભા સન્માન અને સ્નેહમિલન સમારોહ યોજાયો



ઉના, તા.૧૩

ઉનામાં શુભમ બાગ ખાતે અનુસૂચિત જાતિ પ્રતિભા સન્માન અને સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ધો. ૧૦ અને ૧૨ માં ૮૦% થી વધારે માર્ક લાવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. રમત ગમત ક્ષેત્રે વિજેતા તેમજ સરકારી ક્ષેત્રમાં નોકરી પ્રાપ્ત કરનાર યુવાનોનું પણ સન્માન કરાયુ હતું. ૨૦૦ મીટર ઈવેન્ટમાં નેશનલ લેવલે ગોલ્ડ મેડલ પ્રાપ્ત દીક્ષિકાબેનનું સ્વાગત કરાયું હતું. અનુસૂચિત જાતિના વરિષ્ઠ આગેવાનો તેમજ યુવાનો અને બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રી વણકર સમાજ સર્વોદય ફાઉન્ડેશન વણકર સમાજ કેળવણી મંડળ મુંબઈ ઉના દ્વારા આ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.


**:: જાહેર હરરાજી નિવિદામાં સુધારો ::**

અમરેલી તાલુકા હેલ્થ કચેરીમાં ભંગાર તથા પસ્તીની જાહેર નિવિદામાં શરતચૂકથી હરરાજીની તારીખ અને વાર ખોટા લખાયેલા હતા. જેમાં હરરાજીની તારીખ ૧૮/૧૧/૨૦૨૪ને સોમવાર રાખવામાં આવી છે.બાકીની શરતો જેમની તેમ રાખવામાં આવેલ છે.

સહી,
તાલુકા હેલ્થ ઓફિસર
તાલુકા હેલ્થ કચેરી, અમરેલી


## સોમનાથ - ભાવનગર ફોર ટ્રેકમાં અધૂરા કામ છતાં ૬૩ કિ.મી.માં 3 ટોલનાકા કાર્યરત થતાં મુખ્યમંત્રીને રજૂઆત

કોડીનાર, તા.૧૩

ગીર સોમનાથ જિલ્લામાંથી પસાર થતાં સોમનાથ ભાવનગર નેશનલ હાઈવે ફોર ટ્રેકના સોમનાથ થી ઉના સુધીના હાઈવે ઉપર અનેક જગ્યાએ અધૂરા કામો હોવા છતાં તંત્ર દ્વારા ૬૩ કિ.મી.ના અંતરમાં ત્રણ ત્રણ ટોલનાકા કાર્યરત કરી દેવાતા કોડીનાર ચેમ્બર ઓફ કોમર્સ અને કોડીનારના સામાજિક આગેવાનો દ્વારા આ અંગે સખ્ત શબ્દોમાં વિરોધ કરી માર્ગ અને પરિવહન વિભાગ મંત્રી નીતિન ગડકરી અને ગુજરાતના મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆત કરવામાં આવી હતી.


**રાજુલાનાં મહે. મામલતદાર-વ-એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ**

મું. રાજુલા

અરજદારનું નામ : પ્રેમાણી નજમુદિનભાઈ મુસાભાઈ
ઉવ.આ.૮૧, ધંધો:નિવૃત. ધર્મે :ખોજા,
જન્મ અરજી નં. ૪૧૬ / ૨૪
સરનામુ : મુળ.રહે બાબરીયાધાર તા.રાજુલા જિ.અમરેલી.
હાલ.રહે.ઠે.૪૨૧, નુતનનગર, કુંબેરબાગ પાસે,
મુ.મહુવા. તા.મહુવા જિ.ભાવનગર. ૩૬૪૨૯૦

**વિરુધ્ધ.**

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર સાહેબ,
..વ..
તલાટી કમ મંત્રી સાહેબ, ગ્રામ પંચાયત કચેરી.
મુ.બાબરીયાધાર. તા.રાજુલા. જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાના મોજે. બાબરીયાધાર ગામના વતની અને હાલ. મહુવા ગામે રહેતા પ્રેમાણી નજમુદિનભાઈ મુસાભાઈ તેમના પુત્ર નામે - દોસ્તમહમદ નજમુદીન પ્રેમાણીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૪ ના રોજ મોજે.બાબરીયાધાર મુકામે થયેલ છે તે મતલબની નોંધ કરવવા તેમના વકિલશ્રી જય.આર. બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે કરાવી આપવા સામે કોઈપણને વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા..... માહે..... સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

સ્થળ : રાજુલા



**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી, એમએજી શાખા,બગસરા**

નં જન્મ-મરણ રજી નં. /૨૪ તા.૧૩/૧૧/૨૦૨૪

**અરજદાર:-** ૧) શ્રી હિતેન્દ્રભાઈ દામોદરભાઈ ઘોરડા
રહે.બગસરા, તા.બગસરા, જિ.અમરેલી
૨) વિવાદીશ્રીના વકીલશ્રી ફારૂકભાઈ ઠેબા
મું.તા. બગસરા

**- //વિરૂઘ્ધ//-**

**સામાવાળા:-** જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
નગરપાલીકા બગસરા તા.બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના બગસરા ગામનાં રહીશ શ્રી હિતેન્દ્રભાઈ દામોદરભાઈ ઘોરડાએ તેમનાં ભાણેજશ્રી પરેશકુમાર ભુપતરાય ધકાણનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩ના રોજ બગસરા તાલુકાના બગસરા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં ભાણેજની જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૧૧/૨૦૨૪ના રોજ ૧૨:૦૦ કલાક સુધીમાં વાંધો તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
બગસરા



જન્મ અરજી નં.૪૨૮/૨૦૨૪

**રાજુલા મહે. તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.રાજુલા**

અરજદાર :-**ચૌહાણ હરસુરભાઈ દાનાભાઈ**
ઉ.વ.:-૬૫, ધંધો:-મજુરી, ધર્મે:-હિન્દુ,
રહે.:-ચાંચ, તા.રાજુલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી -વ- તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી. મું.ચાંચ, તા.રાજુલા, જિ.અમરેલી.

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા** તાલુકાના ચાંચ ગામના વતની શ્રી ચૌહાણ હરસુરભાઈ દાનાભાઈ અરજદારે તેમના પુત્રી **શ્રી ગુજરીયા જીતુબેન W/O પરશોતમભાઈ D/O ચૌહાણ હરસુરભાઈની જન્મ** તા.૦૧/૦૬/૧૯૮૧ છે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી પી.એસ.રંનજોળીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઇને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી,

આજ તારીખ:૮ માહે ઓકટોબર સને ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ:- રાજુલા
તા.૦૮/૧૦/૨૦૨૪

કોર્ટનો સિક્કો

સહી,
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા



**पी एम श्री स्कूल जवाहर नवोदय विद्यालय,**
**मोटा भंडारिया, अमरेली**

**वॉक-इन-इंटरव्यू**

पी एम श्री स्कूल जवाहर नवोदय विद्यालय, मोटा भंडारिया, अमरेली को पीजीटी भौतिकी की आवश्यकता है, जो पूरी तरह से संविदा के आधार पर रु .35750/- के समेकित मानदेय पर होगा | उम्मीदवार को अंग्रेजी में धाराप्रवाह, विषय का अच्छा ज्ञान होना चाहिए और मान्यता प्राप्त विश्वविद्यालय से न्यूनतम 50 % अंकों के साथ बी.एस.सी की डिग्री होनी चाहिए| उम्मीदवार को 18/11/2024 को सुबह 11:00 बजे आवश्यक दस्तावेज़ और बायोडाटा के साथ प्राचार्य के कार्यालय JNV - अमरेली प्रत्यक्ष उपस्थित रहेंगे या ऑनलाइन लिंक के माध्यम से साक्षात्कार में शामिल होना होगा, दिनांक 17/ 11 / 2 0 2 4 से पहले आवश्यक दस्तावेज़ ईमेल पर(amrelijnv@gmail.com) भेजना होगा जिससे हम आपके ईमेल पर ऑनलाइन लिंक प्रदान कर सकते हैं|

श्री विजयकुमार भोस
प्राचार्य
जनवि अमरेली



**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૭૪/૨૦૨૪

**અરજદારશ્રી:-** શ્રી બિપીનકુમાર ગંગાશંકર ભટ્ટ,
રહે.૯૨, નાગનાથ સોસાયટી, હાથસણી રોડ, તા. સાવરકુંડલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી,સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પિતાશ્રી ગંગાશંકર નારણજી ભટ્ટનું મરણ તા.૦૭/૧૨/૧૯૮૧ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ,મરણનીનોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૩/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા



**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી નં.૮૬/૨૦૨૪

**પ્રતિ,**
શ્રી રામભાઈ ટપુભાઈ ડાભી
રહે. સુગાળા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

વકીલશ્રી, એન.એમ.જાદવ રહે.કોડીનાર
વકીલ હાઉસ, કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, સુગાળા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના સુગાળા ગામના રહીશ રામભાઈ ટપુભાઈ ડાભી તથા શાંતુબેન રામભાઈ ડાભીની પુત્રી હિનાલીબેન રામભાઈ ડાભીનો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૮ માં કોડીનાર તાલુકાના સુગાળા ગામ ખાતે થયેલ છે. જેના જન્મની નોંધ કોડીનાર તાલુકાના સુગાળા ગામના સને ૨૦૦૮ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૧૧/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ, અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૩/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એ.એમ.જોષી)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી નં.૮૫/૨૦૨૪

**પ્રતિ,**
શ્રી રાયસિંગભાઈ સીદીભાઈ જાદવ
રહે. ગીર દેવળી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

વકીલશ્રી, એન.એમ.જાદવ રહે.કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ગીર દેવળી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના ગીર દેવળી ગામના રહીશ રાયસિંગભાઈ સીદીભાઈ જાદવ તથા રતનબેન રાયસિંગભાઈ જાદવના પુત્ર મહેશભાઈ રાયસિંગભાઈ જાદવનો જન્મ તા.૧૫/૧૨/૧૯૮૪ માં કોડીનાર તાલુકાના ગીર દેવળી ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના ગીર દેવળી ગામના સને ૧૯૮૪ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૧૧/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૩/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એ.એમ.જોષી)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૫૧ /૨૪ તા. ૨૮/૧૦/૨૦૨૪

વિવાદી :- શ્રી કીર્તીબેન D/O મનહરલાલ પંડયા W/O પ્રવિણભાઈ મહેતા
રહે. મામા કોઠા રોડ, ગાંગા રૈયાની શેરી, અંબિકા સ્કૂલ,
મુ.તા.જી.ભાવનગર મો.૯૯૯૮૭૧૨૩૯૨

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- **જન્મ મરણ નોંધણી અધિકારી -વ- ચીફ ઓફીસરશ્રી**
**નગરપાલીકા લાઠી, તા.લાઠી, જિ.અમરેલી**

**// જાહેર નોટીસ //**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.લાઠી ગામના રહીશ આ કામના અરજદારશ્રીનો જન્મ તા.૨૯/૦૩/૧૯૬૬ ના રોજ લાઠી, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૮/૧૦/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૧૧/૨૦૨૪ ના રોજ બપોરના ૧૫:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી,
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

# ભારત અને રશિયા વચ્ચે ૨૦૩૦ સુધીમાં ૧૦૦ અબજ ડોલરનો વેપાર થશે : જયશંકર

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૩

ભારત અને રશિયા વચ્ચે વ્યાપાર, અર્થતંત્ર, વૈજ્ઞાનિક ટેક્નોલોજી બાબતો પરના આંતર-સરકારી કમિશનની ૨૫મી બેઠક નવી દિલ્હીમાં યોજાઈ હતી. આ બેઠકમાં ભારતના પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ વિદેશ મંત્રી એસ જયશંકરે કર્યું હતું. રશિયન પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ રશિયાના પ્રથમ નાયબ વડાપ્રધાન ડેનિસ માન્તુરોવ કરી રહ્યા હતા. બેઠક દરમિયાન વિદેશ મંત્રી જયશંકરે કહ્યું કે વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત અને રશિયા વચ્ચેનો વેપાર વધીને ૧૦૦ અબજ ડોલર થઈ જશે.



વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે ’બંને દેશો વચ્ચે વેપારમાં કેટલાક પડકારો છે, ખાસ કરીને ચૂકવણી અને પુરવઠાને લગતા. આ મામલે ઘણું કરવામાં આવ્યું છે, પરંતુ હજુ પણ કેટલાક કામ બાકી છે. નોર્થ-સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર, ચેન્નાઈ-વ્લાદિવોસ્તોક કોરિડોર અને નોર્ધન સી રૂટ જેવી કનેક્ટિવિટી અંગેના અમારા સંયુક્ત પ્રયાસોને આગળ વધારવા જોઈએ. એસ જયશંકરે કહ્યું કે ’મિટિંગ દરમિયાન ખાદ્ય સુરક્ષા અને સ્વાસ્થ્ય સુરક્ષાના મુદ્દા પર પણ ચર્ચા થઈ હતી. રશિયા ભારત માટે ખાતર, ક્રૂડ ઓઈલ, કોલસો અને યુરેનિયમના મુખ્ય સ્ત્રોત તરીકે ઉભરી આવ્યું છે. આ ઉપરાંત, ભારતનો ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ પણ રશિયા માટે સસ્તો અને ભરોસાપાત્ર સ્ત્રોત બની ગયો છે. મને વિશ્વાસ છે કે બંને દેશો વચ્ચેનો વેપાર ૨૦૩૦ સુધીમાં અથવા તેનાથી પણ પહેલા ૧૦૦ બિલિયનનું લક્ષ્ય હાંસલ કરશે.

# કાશ્મીરમાં સતત બીજા દિવસે વરસાદ સહિત હિમવર્ષા શરૂ, ગુરેઝ-બાંદીપોરા હાઈવે બંધ

(એ.આર.એલ),જમ્મુ,તા.૧૩

કાશ્મીર ઘાટીમાં મંગળવારે બીજા દિવસે પણ વરસાદ અને હિમવર્ષા ચાલુ રહી હતી. હિમવર્ષાના કારણે ગુરેઝ-બાંદિપોરા હાઈવે પર વાહનોની અવરજવર બંધ છે. બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન દ્વારા સવારે મશીનરી અને કર્મચારીઓની મદદથી બરફ હટાવવામાં આવ્યા બાદ શ્રીનગર-લેહ હાઈવેને ટ્રાફિક માટે ખોલી દેવામાં આવ્યો છે. મંગળવારે બપોરે



૨ વાગે ૧૯ કલાક બાદ જિલ્લા શોપિયાં (કાશ્મીર) ને રાજૌરી અને પૂંચ સાથે જોડતા મુગલ રોડ પર વાહનોની અવરજવર પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. ગુલમર્ગ અને લેહમાં રાત્રિનું તાપમાન શૂન્ય ડિગ્રીથી નીચે છે. હવામાન કેન્દ્ર શ્રીનગરના જણાવ્યા અનુસાર, ૧૪ અને ૧૫ નવેમ્બરે કાશ્મીર અને જમ્મુ વિભાગના કેટલાક ભાગોમાં વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. ૧૬ નવેમ્બરે પણ પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષા થઈ શકે છે. ૧૭-૨૩ નવેમ્બર સુધી હવામાન શુષ્ક રહેશે. વિશ્વ પ્રસિદ્ધ પર્યટન સ્થળ ગુલમર્ગ અને સોનમર્ગના ઉપરના વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. કુપવાડા અને બાંદીપોરા જિલ્લાના કેટલાક ભાગોમાં સફેદ ચાદર છવાઈ ગઈ છે. ઝોજીલા પાસમાં ચારથી પાંચ ઈંચ બરફ પડ્યો છે.

# ચીનમાં પત્નીથી નારાજ વૃધ્ધે કાર વડે લોકોને કચડ્યા : ૩૫ના મોત

ઝુહાઈ,તા.૧૩

ચીનના ઝુહાઈ શહેરમાં સોમવારે રાત્રે ૬૨ વર્ષના એક વ્યક્તિએ કાર વડે અનેક લોકોને કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં ૩૫ લોકોનાં મોત થયા છે, જ્યારે ૪૩ લોકો ગંભીર રીતે ઘાયલ છે. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ફેન નામનો આરોપી છૂટાછેડા પછી મિલકતની વહેંચણીને લઈને તેની પત્નીથી નારાજ હતો. આ ઘટના સ્પોર્ટ્સ સેન્ટર પાસે બની હતી, જ્યાં લોકો કસરત કરવા માટે આવ્યા હતા. તે હુમલો



હતો કે અકસ્માત હતો તે હજુ સ્પષ્ટ થયું નથી. કારમાં ચાકુ સાથે ફેન ઝડપાયો હતો. તેના ગળા પર પોતાને નુકસાન પહોંચાડ્યાના નિશાન હતા. જ્યારે તેને પકડવામાં આવ્યો ત્યારે તે બેભાન હતો, હાલ તેની સારવાર ચાલી રહી છે.

# બુલડોઝરની કાર્યવાહી પર સમગ્ર દેશ માટે માર્ગદર્શિકા જાહેર કરતી સુપ્રીમ કોર્ટ

**આરોપીઓના અતિક્રમણ સામે કાયદા હેઠળ કાર્યવાહી : કેન્દ્ર સરકાર**

ન્યુ દિલ્હી,તા.૧૩

બુલડોઝરની કાર્યવાહી પર ચુકાદો આપતી વખતે સુપ્રીમ કોર્ટે બુધવારે આ ટિપ્પણી કરી હતી. જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચે બુલડોઝરની કાર્યવાહી પર સમગ્ર દેશ માટે ૧૫ માર્ગદર્શિકા જારી કરી હતી. કોર્ટે કહ્યું કે, જો ઘર તોડી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તો ૧૫ દિવસનો સમય આપવામાં આવે. મકાન તોડવાની કાર્યવાહીની વીડિયોગ્રાફી જરૂરી છે. જો કોઈ અધિકારી માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરશે, તો તે પોતાના ખર્ચે મિલકતનું પુનઃનિર્માણ કરાવશે અને વળતર પણ ચૂકવશે. ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં



સતત બુલડોઝરની કાર્યવાહી બાદ જમિયત-ઉલેમા-એ-હિંદે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ભાજપ શાસિત રાજ્યોમાં મુસ્લિમોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને બુલડોઝરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકારે દલીલ કરી હતી કે કોર્ટે તેના નિર્ણયથી અમારા હાથ ન બાંધવા જોઈએ. કોઈની મિલકત તોડી પાડવામાં આવી નથી કારણ કે તેણે ગુનો કર્યો છે. આરોપીઓના ગેરકાયદેસર અતિક્રમણ સામે કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

# શ્રીનગરમાં પ.૨ની તીવ્રતાનો ભૂકંપનો આચકો, જાન-માલને કોઈ હાનિ નહી

શ્રીનગર,તા.૧૩

શ્રીનગર અને આસપાસના વિસ્તારોમાં આજે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. બુધવારે સવારે પ.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યું હતું કે સવારે ૧૦:૪૩ વાગ્યે આ આંચકો અનુભવાયો હતો. લોકોમાં અરાજકતાનો માહોલ જોવા મળ્યો હતો અને થોડીવાર માટે માર્ગો પર પણ ભીડ જોવા મળી હતી. જો કે હજુ સુધી કોઈ જાન-માલના નુકસાનના સમાચાર નથી. પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને સંભવિત નુકસાનની તપાસ કરવામાં આવી રહી છે. અધિકારીઓએ લોકોને સાવચેત રહેવા અને અફવાઓ પર ધ્યાન ન આપવા અપીલ કરી છે. ભૂકંપ બાદ લોકો ઘરની બહાર નીકળી ગયા હતા, પરંતુ હવે સ્થિતિ સામાન્ય હોવાનું કહેવાય છે. તે જ સમયે, ભૂકંપ વિશે વધુ માહિતી મેળવવા માટે નિષ્ણાતો દ્વારા તપાસ ચાલી રહી છે.

# લાહોરથી પ્રદૂષણ ઉત્તર ભારતમાં ઘૂસ્યુ, અનેક ફ્લાઈટને ડાયવર્ટ કરવામાં આવી

અમૃતસર,તા.૧૩

ઉત્તર ભારતના મુખ્ય રાજ્યો પંજાબ, રાજસ્થાન, હરિયાણા, દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં ધુમ્મસ છવાયું છે. એર ક્વોલિટી ઈન્ડેક્સ એજન્સી **AQI.in** અનુસાર, બપોરે ૧૨ વાગ્યા સુધી, દિલ્હી, ગાઝિયાબાદ, નોઈડા અને ફરીદાબાદમાં **AQI** ૪૦૦ પાર નોંધાયો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ બુધવારે સવારે ૮.૩૦ વાગ્યા સુધી અમૃતસરમાં વિઝિબિલિટી માત્ર ૫૦ મીટર હતી. હલવારા (લુધિયાણા)માં ૧૦૦ મીટર, સરસાવન (સહારનપુર) માં ૨૫૦ મીટર, અંબાલામાં ૩૦૦ મીટર અને ચંદીગઢમાં ૪૦૦ મીટર વિઝિબિલિટી હતી. પંજાબના આદમપુર, ઉત્તર પ્રદેશના બરેલી અને દિલ્હીના ઈન્દિરા ગાંધી એરપોર્ટ પર શૂન્ય વિઝિબિલિટી નોંધાઈ હતી. જેના કારણે દિલ્હીથી જયપુરની ૭ અને લખનૌની એક ફ્લાઈટ ડાયવર્ટ



કરવામાં આવી હતી. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે પ્રદૂષણ અને ધુમ્મસનું આ સ્તર પાકિસ્તાનના લાહોરથી ઉત્તર ભારતમાં પહોંચ્યું છે. સ્વિસ એર ક્વોલિટી ટેક્નોલોજી કંપની **IQAir** અનુસાર, ૧૨ નવેમ્બરે લાહોર વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર હતું. મંગળવારે બપોરે લાહોરમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (**AQI**) ૪૨૯ હતો, જ્યારે એક વિસ્તારમાં રીઅલ-ટાઈમ **AQI** રીડિંગ ૭૨૦ નોંધાયો હતો. નાસા દ્વારા લેવામાં આવેલી સેટેલાઈટ તસવીરોમાં, ગાઢ, ઝેરી ધુમાડાના વાદળોએ લાહોર, પાકિસ્તાનને ઘેરી લીધું છે તે હવે અવકાશમાંથી પણ દેખાય છે.

# કેન્દ્રીય મંત્રી ગડકરી, ડેપ્યુટી સીએમની બેગ સહિત હેલિકોપ્ટર પણ તપાસતું ચૂંટણીપંચ

કોલ્હાપુર,તા.૧૩

મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ અને શિવસેના (**UTB**)ના વડા ઉદ્ધવ ઠાકરે બાદ હવે કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીની બેગની તપાસ કરવામાં આવી હતી. ગડકરી મંગળવારે લાતુરની ઔસા વિધાનસભાના ભાજપના ઉમેદવાર અભિમન્યુ પવારના પ્રચાર માટે પહોંચ્યા હતા. આ દરમિયાન ચૂંટણી પંચની ટીમ ત્યાં પહોંચી અને તેના હેલિકોપ્ટર અને બેગની તપાસ કરી હતી. આ પહેલા મંગળવારે ઉદ્ધવના હેલિકોપ્ટરની તપાસ કરવામાં આવી હતી.



તેઓ ઉસ્માનાબાદની ઔસા સીટ પર પ્રચાર કરવા આવ્યા હતા. આ પહેલા ૧૧ નવેમ્બરે યવતમાલના વાની એરપોર્ટ પર ઉદ્ધવની બેગની તપાસ કરવામાં આવી હતી. ઉદ્ધવ અધિકારીઓ પર ગુસ્સે થયા અને કહ્યું કે મને મોદીની બેગના ચેકિંગનો વીડિયો જોઈએ છે. દેવેન્દ્ર ફડણવીસે કહ્યું, “કોલ્હાપુરમાં મારી બેગની તપાસ કરવામાં આવી હતી, ત્યાર બાદ ૭ નવેમ્બરે પણ તેની તપાસ કરવામાં આવી હતી. ઉદ્ધવ તપાસનો વિરોધ કરીને લોકોને ભટકાવી રહ્યા છે, તેઓ રડીને અને બૂમો પાડીને મત મેળવવા માંગે છે. બેગ ચેકિંગમાં ખોટું શું છે? ચૂંટણી પ્રચાર દરમિયાન અમારી બેગ પણ તપાસવામાં આવી છે, પરંતુ કેટલાક લોકોને ડ્રામા કરવાની આદત છે.

# બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર ફરી પ્રધાનમંત્રીના પગે પડયા : વીડિયો વાયરલ

દરભંગા,તા.૧૩

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર ફરી એકવાર પીએમ નરેન્દ્ર મોદીના પગે પડ્યા. આજે એટલે કે બુધવારે દરભંગા **AIIMS**ના શિલાન્યાસ સમારોહ દરમિયાન નીતિશ કુમાર મોદીને બંને હાથે પ્રણામ કરીને પગે પડ્યા. જોકે, પીએમ મોદીએ ઊભા થઈને તરત જ એમને રોક્યા હતા. આ ઘટનાનો એક વીડિયો પણ સામે



આવ્યો છે, જેમાં નીતીશ કુમાર કાર્યક્રમમાં પોતાનું ભાષણ પૂરું કર્યા બાદ પીએમની બાજુની પોતાની ખુરશી તરફ આગળ વધી રહ્યા હતા. વડાપ્રધાન પણ પોતાના હાથથી ખુરશી તરફ ઈશારો કરતા જોવા મળે છે. ખુરશી પર બેસતા પહેલા તે પીએમને બંને હાથ વડે પ્રણામ કરે છે અને પગે પડે છે. નીતિશ કુમારે પોતાના ૯ મિનિટના સંબોધનમાં ૮ વખત પીએમ મોદીનું નામ લીધું અને ૭ વખત તેમનો આભાર માન્યો. નીતિશ કુમારની આ સ્ટાઈલ જોઈને પીએમ મોદી પણ ખૂબ હસ્યા હતા.

# ઈન્દિરા ગાંધી સ્વર્ગમાંથી આવશે તો પણ કલમ ૩૭૦ નાબૂદ નહી થાય : અમિત શાહ

ધુલે,તા.૧૩

મહારાષ્ટ્રના ધૂલે જિલ્લાના સિંધખેડામાં ચૂંટણી રેલીને સંબોધિત કરતા અમિત શાહે કહ્યું કે, ‘કોઈ પણ કિંમત પર જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ની વાપસી નહીં થાય.’ તેમણે આગળ કહ્યું કે, ‘મહાયુતિનો અર્થ છે ‘વિકાસ‘ અને અઘાડી (મહાવિકાસ અઘાડી)નો અર્થ છે ‘વિનાશ’. હવે તમારે નક્કી કરવાનું છે કે, વિકાસ કરનારાને સત્તામાં લાવવા છે કે, વિનાશ કરનારાને.’ તેમ કહી અમિત શાહે આકરા પ્રહારો કર્યા હતા. અમિત શાહે આગળ કહ્યું



કે, રાહુલ ગાંધી જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ની વાપસીની વાત કરી રહ્યા છે, પરંતુ રાહુલ ગાંધી તો શું જો ઈન્દિરા ગાંધી પણ સ્વર્ગમાંથી ઉતરી આવશે તો પણ જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ની વાપસી નહી થાય.

# કંગના રનૌતને મહાત્મા ગાંધી વિશે કરેલી ટીપ્પણી બદલ નોટિસ અપાઈ

મંડી,તા.૧૩

હિમાચલ પ્રદેશના મંડી લોકસભાથી સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌતની મુશ્કેલી વધતી જોવા મળી રહી છે. કંગના દ્વારા દિલ્હીમાં ધરણા પર બેઠેલા ખેડૂત અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સામે વિવાદાસ્પદ ટિપ્પણીના કેસને લઈને કરવામાં આવેલી અરજી પર મંગળવારે (૧૨ નવેમ્બર) સુનાવણી થઈ હતી.



અરજીકર્તાના વકીલ રમાશંકર શર્મા વતી વકીલોની દલીલ સાંભળ્યા બાદ સ્પેશ્યલ કોર્ટ **MP/MLA**એ કંગના રનૌતને નોટિસ આપી છે. કંગનાને પોતાનો પક્ષ રજૂ કરવા માટે ૨૮ નવેમ્બર સુધીનો સમય આપવામાં આવ્યો છે. કંગનાના આ નિવેદનને દેશની જનતાનું અપમાન જણાવી કાર્યવાહીની માગ કરતો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કોર્ટે અરજીકર્તા અને તેમના બે સાક્ષીઓનું નિવેદન નોંધ્યા બાદ મંગળવારે સુનાવણી કરી હતી.

# પાક.ના બલુચિસ્તાનમાં વધતા બળવાને કારણે સરકાર અને સેના મુંઝવણમાં

ક્વેટા,તા.૧૩

પાકિસ્તાનના બલુચિસ્તાનમાં વધતા બળવા અને તાજી હિંસા પછી પાકિસ્તાની સેના અને શહબાઝ સરકાર હારેલી જણાય છે. ક્વેટા રેલવે સ્ટેશન પર થયેલા ભયાનક આતંકી હુમલામાં સેનાના ૧૪ જવાન સહિત ૨૬નાં મોત થયાં હતાં. આ હુમલા પછી બલુચિસ્તાનમાં સૈન્ય ઉપસ્થિતિ અને વહીવટી અંકુશ પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. આ વચ્ચે સૂત્રો અનુસાર પાકિસ્તાન આર્મી બલુચિસ્તાનમાં સૈન્ય કાર્યવાહી પર પ્રતિબંધ મૂકવાની વિચારણા કરી રહી છે. સૈન્ય છાવણીમાં આને લઈને મોટા સ્તરે ચર્ચા થઈ રહી છે. સેનાનું કહેવું છે કે સરકારે સેના સાથે મળી વાતચીતનો માર્ગ શોધવો જોઈએ. પાકિસ્તાન ગૃહ મંત્રાલય સાથે જોડાયેલાં સૂત્રોએ પણ આ બાબતે કહ્યું છે કે વર્ષોથી થતી સૈન્ય કાર્યવાહીએ બલુચિસ્તાનમાં શાંતિને



સ્થાને અસ્થિરતા ઊભી કરી છે. ગૃહ મંત્રાલયના અધિકારીઓનું માનવું છે કે બલુચિસ્તાનમાં સૈન્યની ઉપસ્થિતિએ માત્ર સ્થાનિક લોકોમાં અસંતોષ વધાર્યો છે, જ્યારે તેનાથી પાકિસ્તાનની આંતરિક બાબતો પર પણ અસર પડી છે. ગૃહ મંત્રાલય પણ સૈન્ય કાર્યવાહીને બદલે રાજકીય સંવાદથી જ સમસ્યાનું સ્થાયી સમાધાન ઈચ્છે છે. અધિકારીઓનું કહેવું છે કે બળવાખોરો સામે બળપ્રયોગે સ્થિતિને વધુ જટિલ કરી છે. બલુચ નેતાઓ અને બળવાખોરો સાથે સંવાદથી જ શાંતિ શક્ય છે.

# પાક.ના ખૈબર પખ્તુનવામાં શિયા-સુન્ની વચ્ચે સંઘર્ષ, અત્યાર સુધીમાં ૪૬ના મોત

ખૈબર પખ્તુનવા,તા.૧૩

પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદે આવેલા સુંદર ખીણો ભરેલા પ્રદેશ ખૈબર પખ્તુનવામાં છેલ્લા કેટલાયે મહિનાઓથી શિયા-સુન્ની સંઘર્ષ ચાલી રહ્યો છે. તેમાં છેલ્લા કેટલાક સપ્તાહોથી તો તે ચરમસીમાએ પહોંચ્યો છે. અત્યાર સુધીમાં ત્યાં ૪૬નાં મૃત્યુ નોંધાયા છે. પરંતુ મૃત્યુ પામેલાઓની સંખ્યા હજી સ્પષ્ટતઃ જાણી શકાઈ નથી. આથી સ્થાનિક તંત્રે મુસાફરી ઉપર જ પ્રતિબંધ મુકતાં મુખ્ય માર્ગો બંધ કર્યા છે. આમ છતાં શિયા-સુન્ની એકબીજા ઉપર હુમલા કરી રહ્યા છે. ૧૨ ઓકટોબરે થયેલા એક સંઘર્ષમાં ૧૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા. સ્થાનિક શાંતિ સમિતિના સભ્ય અને જન-જાતીય વડીલોની જિરગા (સમિતિ)ના સભ્ય મહમૂદ અલી જાને કહ્યું હતું



કે, છેલ્લા કેટલા મહિનાઓથી અહીં લોકો કાફલામાં જ મુસાફરી કરી શકે છે. ગત સપ્તાહે હજ્જારો લોકોએ કુર્રમ જિલ્લાના મુખ્ય મથક પરાચિનરમાં એક શાંતિ માર્ચ કાઢી હતી. તેમણે આ વિસ્તારમાં રહેતા ૮ લાખ લોકોની સુરક્ષા માટે સરકાર સમક્ષ માગણી કરી હતી. આ નિવાસીઓમાં ૪૫ ટકાથી વધુ શિયા-પંથીઓ છે. જિરગા નેતાઓની એક સભા છે જે પશ્તુઓ વચ્ચે ઉભા થતા વિવાદો ઉકેલવા સર્વ સંમતિથી નિર્ણય કરે છે. પરંતુ, હજી તે જિરગા પણ આ વિવાદ પૂરેપૂરો ઉકેલી શકી નથી.

## ૧૦ ઉમેદવારોના ભાવિ સીલ, ૨૩ નવેમ્બરે મતગણતરી

# વાવ વિધાનસભા પેટાચૂંટણીમાં ૬૭.૧૩% મતદાન

વાવ,તા.૧૩

વાવ વિધાનસભાની પેટાચૂંટણીનું આજે મતદાન થયું હતું. વહેલી સવારે સાત વાગ્યાથી બપોરના ૫ વાગ્યા સુધી ૧૦ કલાકમાં ૬૭.૧૩ % વોટિંગ થયું હતું. વાવની આ પેટાચૂંટણી લોકસભાની ચૂંટણી કરતાં પણ વધુ રસાકસીભરી છે. અહીં ભાજપે સ્વરૂપજી ઠાકોરને ટિકિટ આપી છે, જ્યારે કોંગ્રેસે ગુલાબસિંહ રાજપૂતને મેદાને ઉતાર્યા છે. આ વખતની વાવ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસના બંને ઉમેદવારો વર્ષ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં હારેલા છે. જોકે, ભાજપમાંથી બળવો કરીને અપક્ષ ઉમેદવારી નોંધાવેલા માવજી પટેલ ભાજપ-કોંગ્રેસનું ગણિત બગાડી શકે છે. વાવ વિધાનસભાની પેટાચૂંટણીના જંગમાં ભાજપ-કોંગ્રેસ અને અપક્ષ સહિત કુલ ૧૦ ઉમેદવારો મેદાને છે. જેમનું ભાવિ આજે ૩ લાખ ૧૦ હજાર ૬૮૧ મતદારોએ EVMમાં સીલ કર્યુ હતું. વાવ, સુઈગામ અને ભાભર તાલુકાના ૧૭૯ ગામોના ૩૨૧ બુથો પર મતદાન થયું. જેમાં ૯૭ જેટલાં સંવેદનશીલ મતદાન મથકો છે.



જ્યાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે વેબ કાસ્ટિંગ કેમેરા પણ કાર્યરત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત મતદાન પ્રક્રિયામાં કાયદો વ્યવસ્થા ન કથળે તે માટે ૧૫૦૦ સુરક્ષા કર્મીઓ ખડેપગે રહ્યા હતા. જેમાં ૪ DySP, ૮ PI અને ૩૦ PSI સહિત પોલીસકર્મીઓ રોકાયા હતા. વાવ વિધાનસભાની પેટાચૂંટણી મતદાન પૂર્ણ થતાં EVM મશીનને સીલ કરાયા હતા, ભાજપ-કોંગ્રેસ અને અપક્ષ સહિતના ઉમેદવારોનું ભાવિ EVMમાં સીલ થયું હતું. તમામ ઈવીએમ મશીનને પાલનપુર જગાણા એન્જિનિયરિંગ કોલેજ ખાતે લઈ જવાયા છે. ૨૩ નવેમ્બરે વાવ વિધાનસભા પેટાચૂંટણીની મત ગણતરી થશે.

# અમરેલીમાં ૧૭.૨ ડિગ્રી તાપમાન, રાજયમાં ઠંડીનો પગરવ શરૂ

અમદાવાદ,તા.૧૩


ગુજરાત હવામાન વિભાગે ઠંડીની આગાહી કરી છે. ગુજરાતમાં જેમ જેમ નવેમ્બર મહિનો આગળ વધી રહ્યો છે તેમ તેમ રાજ્યમાં તાપમાન ઘટી રહ્યું છે. ગુજરાતમાં વહેલી સવારે અને મોડી સાંજ બાદ શિયાળાની અસર વર્તાય છે. વહેલી સવારે ઠંડીનો ચમકારો અનુભવાય છે. રાજ્યમાં તાપમાન ઘટતું દેખાઈ રહ્યું છે.



અમરેલીમાં ૧૭.૨ લઘુતમ તાપમાન નોંધાયું હતું. આગામી દિવસોમાં ઠંડી ભુક્કા બોલાવશે એવું હવામાન વિભાગનું માનવું છે. હવામાન વિભાગે આપેલા તાપમાનના આંકડા પ્રમાણે ગુજરાતમાં ઠંડી ઘટી હતી. રાજ્યમાં ૧૭.૨ ડિગ્રીથી લઈને ૨૬ ડિગ્રી વચ્ચે લઘુતમ તાપમાન નોંધાયું હતું. જેમાં અમરેલીમાં ૧૭.૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. જે ગુજરાતનું સૌથી નીચું તાપમાન રહ્યું હતું. જ્યારે ઓખામાં ૨૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

# ઝઘડિયા GIDCમાં નાઈટ્રેક્સ કેમિકલ કંપનીમાં આગ લાગતા કામદારોમાં અફરાતફરી મચી

ઝઘડીયા,તા.૧૩



ઝઘડિયા GIDC માં આવેલી નાઈટ્રેક્સ કેમિકલ કંપનીમાં કોઈ કારણોસર આગ લાગતા જ અંદર કામ કરી રહેલા કામદારોમાં દોડધામ મચી ગઈ હતી. આગનો મેજર કોલ જાહેર થતા જ ઝઘડિયા GIDC ના માર્ગો ફાયર બ્રિગેડની સાયરનોથી ગુંજી ઉઠ્યો હતો.આસપાસના ફાયર બ્રિગેડના લાશ્કરોએ દોડી આવી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવાની કાર્યવાહીમાં લાગ્યા હતા. આગ એટલી વિકરાળ હતી કે, પ્લાન્ટમાંથી કાળા ડિંબાગ ધુમાડા દૂરથી નજરે પડી રહ્યા હતા. આગના પગલે કામદારો કંપની ગેટ પર દોડી આવ્યા હતા. આગની જાણ થતાં જ ફેકટરી ઈન્સ્પેક્ટર, GPCB અને પોલીસ સહિતના અધિકારી પણ સ્થળ પર દોડી આવ્યા હતા.

# મહેસાણા જિલ્લાની ૨૦ જેટલી હોસ્પિટલમાં પીએમજેવાય યોજનામાં ગેરરીતિનો પર્દાફાશ

મહેસાણા,તા.૧૩

મહેસાણા જિલ્લાની એક સાથે ૨૦ હોસ્પિટલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY)માં ગેરરીતિઓનો પર્દાફાશ થયો છે. ખ્યાતિ હોસ્પિટલના બહુચર્ચિત કૌભાંડ પછી સ્થાનિક તંત્રે ધરેલી તપાસમાં આ કૌભાંડ બહાર આવ્યું છે. આ તમામ હોસ્પિટલોએ સરકારી યોજનાનો દુરુપયોગ કર્યાનો આરોપ છે, જેથી તેને દંડથી લઈને બ્લેકલિસ્ટ સુધીની કાર્યવાહી



કરવામાં આવશે એવા પ્રાથમિક અહેવાલ છે. મહેસાણાના ડીડીઓ ડૉ. હસરત જાસ્મીન, જિલ્લા કલેક્ટર અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની રિવ્યૂ બેઠક યોજાઈ છે. મહેસાણાના ડીડીઓ ડૉ. હસરત જાસ્મીને આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, 'ગેરરીતિ કરનાર હોસ્પિટલોને નોટિસ પણ આપી છે અને તેની સામે કડક કાર્યવાહી કરાઈ રહી છે. ઘણી હોસ્પિટલ છે તેની પાસેથી રિકવરી કરી રહ્યા છીએ. તો કેટલીક હોસ્પિટલ બ્લેકલિસ્ટ પણ થઈ શકે છે. હોસ્પિટલોને નિયમ મુજબ ચાલવાનું હોય છે. નિયમોનો ભંગ કરાતા હોસ્પિટલો વિરૂદ્ધ એક્શન લેવાયા છે.'

# કાંડ બાદ PMJAYમાંથી ખ્યાતિ હોસ્પિટલને ડીબાર્ડ કરતી રાજ્ય સરકાર

અમદાવાદ,તા.૧૩

ખ્યાતિ હોસ્પિટલમાં થયેલા કાંડ મામલે રાજ્ય સરકાર દ્વારા હોસ્પિટલ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. ખ્યાતિ હોસ્પિટલને PMJAYમાંથી ડીબાર્ડ કરવામાં આવી છે. જે ડોકટર દ્વારા ઓપરેશન કરવામાં આવ્યા હતા તે ડોકટરો હવે ક્યાંય ઓપરેશન પણ નહીં કરી શકે. આ ઉપરાંત હોસ્પિટલમાં જેટલા પણ કાર્ડિયોલોજીના ઓપરેશન થયેલા



છે તેનો રિવ્યૂ કરવાનો આદેશ પણ કરાયો છે. રાજ્ય સરકારે સુદ્રઢ વ્યવસ્થા બનાવવા માટે SOP બનાવવાનો પણ નિર્ણય કર્યો છે. મહત્વનું છે કે, સમગ્ર કેસમાં કોઈ કચાશ ન રહી જાય તે માટે બંને મૃતકોના મૃતદેહોનું માઈક્રોસ્કોપિક એનાલિસિસ કરવાનો પણ નિર્ણય કરાયો છે. જે તબીબોએ ઓપરેશન કર્યા હતા તે હવે ઓપરેશન નહીં કરી શકે. ખ્યાતિ હોસ્પિટલમાં દર્દીઓના જે તબીબ દ્વારા ઓપરેશન કરવામાં આવ્યા હતા તે તબીબ હવે ઓપરેશન નહીં કરી શકે. ખ્યાતિકાંડ બાદ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી તપાસ બાદ આ જાહેરાત કરવામાં આવી છે.

# આબુ જતી ગુજરાતની ખાનગી બસ પર લુખ્ખાઓનો પથ્થરમારો

અંબાજી,તા.૧૩



આબુ જતા યાત્રિકોની બસ પર અસામાજિક તત્વોએ પથ્થરમારો કર્યો હોવાની ફરી એકવાર ઘટના સામે આવી છે. ગુજરાતની સૌથી મોટી ટ્રાવેલ્સ એજન્સી ગુજરાત ટ્રાવેલ્સની બસ પર વહેલી સવારે પથ્થરમારાની ઘટના બની હતી. જેમાં ગુજરાત ટ્રાવેલ્સની એસી બસના ૨ મોટા કાચ તૂટ્યા હતા. ગુજરાતનાં લોકો સૌથી વધુ આબુ ફરવા જાય છે. ત્યારે આવી ઘટનાઓથી પ્રવાસીઓમાં ભયનો માહોલ છવાઈ રહ્યો છે. રાજસ્થાનની સરહદ ઉપર પથ્થરમારાની ગંભીર ઘટના બની હતી. અવારનવાર અહીં પથ્થરમારાની ઘટનાઓ બની રહી છે.

# સુરત રોજગારી મેળવવા આવેલા ત્રણ મિત્રોના ટ્રેનની અડફેટે મોત

સુરત,તા.૧૩

સુરત રોજગાર મેળવવા માટે આવેલા ત્રણ મિત્રો સાથે ગમખ્વાર ઘટના બની હતી. ઉત્તર પ્રદેશના કાનપુર જિલ્લાથી હજારો કિલોમીટર દૂર સુરતમાં રોજગારી માટે આવેલા ત્રણેય મિત્રો એક સાથે નોકરી કરવા માગતા હતા, પરંતુ એક સાથે કાળને ભેટી ગયા હતા. રાત્રિ દરમિયાન યુપીથી આવેલા ૨૨



વર્ષીય આકાશ નિષાદ, ૨૪ વર્ષીય દીનું નિષાદ અને ૧૭ વર્ષીય પ્રમોદ નિષાદ રેલવે ટ્રક પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન ત્યાંથી ટ્રેન પસાર થઈ રહી હતી. જેની જાણકારી આ લોકોને થઈ નહીં અને ત્રણેય મિત્રો ટ્રેનની અડફેટે આવી ગયા હતા. ત્રણેય મિત્રો એક સાથે સચિન વિસ્તારમાં આવેલા જરીના કારખાનામાં નોકરી નક્કી કરવા માટે જવાના હતા. પરંતુ તે પહેલાં જ રાત્રિ દરમિયાન સચિન નજીક રેલવે ટ્રેક પર તેઓ જ્યારે પસાર થઈ રહ્યા હતા, ત્યારે મોડી રાત્રે વડનગર-વલસાડ એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવી ગયા હતા. ભેસ્તાન સચિન રેલવે ટ્રેક પાસે આ ઘટના બની હતી.

# ડિજિટલ અરેસ્ટના માસ્ટર માઈન્ડના સ્કેચ જાહેર કરતી સુરત પોલીસ

સુરત,તા.૧૩

ગુજરાત સહિત દેશભરમાં સતત ડિજિટલ અરેસ્ટની ઘટનાઓમાં વધારો નોંધાઈ રહ્યો છે. ગુજરાતમાં પ્રથમવાર ડિજિટલ અરેસ્ટના માસ્ટર માઈન્ડની ધરપકડ કરવા માટે સુરત પોલીસે સ્કેચનો સહારો લીધો છે. ડિજિટલ અરેસ્ટની ઘટનામાં આરોપીઓ સુધી પહોંચવા માટે પહેલીવાર સુરત પોલીસે એક્સપર્ટ પાસેથી સ્કેચ બનાવડાવ્યા છે. ડિજિટલ અરેસ્ટના ભોગ બનેલા ફરિયાદીઓના જણાવ્યા મુજબ



બે માસ્ટર માઈન્ડના સ્કેચ તૈયાર કરવામાં આવ્યા છે. આ સ્કેચ હવે પોલીસ સોશિયલ મીડિયામાં મૂકાશે, જેથી લોકો શિકાર બનતા બચી શકે અને આરોપીની જાણકારી પણ આપી શકે.

# જય ગિરનારીના નાદ સાથે પરિક્રમાનો પ્રારંભ : ૯ લોકોના હાર્ટએટેકથી મોત

જૂનાગઢ,તા.૧૩

જૂનાગઢમાં ગરવા ગિરનારની લીલી પરિક્રમાનો વિધિવત્ પ્રારંભ ગઈકાલે રાત્રે ૧૨ વાગ્યાથી થયો છે. પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ લાખોની સંખ્યામાં ભાવિકો વહેલા આવી પહોંચ્યા હતા. પરિણામે સોમવારની સવારે જ જિલ્લા વહીવટી તંત્ર અને વન વિભાગે વહેલી પરિક્રમા કરવા માટે ઇંટવા ગેટને ખુલ્લો મૂક્યો હતો. બાદમાં



જય ગિરનારીના નાદ સાથે ભાવિકોએ લીલી પરિક્રમાનો પ્રારંભ કર્યો હતો. તારીખ ૧૧ અને ૧૨ એમ ૨ દિવસમાં પરિક્રમાના અલગ અલગ રૂટ પર ૯ આધેડ વયના લોકોના હાર્ટ-એટેકથી મોત થયાં હોવાનું સામે આવ્યું છે. છાતીમાં થતો અસહ્ય દુઃખાવો આ પરિક્રમાર્થીઓ માટે જીવલેણ સાબિત થયો હતો. મૃત્યુ પામનારા નવેય પરિક્રમાર્થીઓ આધેડ વયના પુરુષો છે. માત્ર બે દિવસમાં નવ પરિક્રમાર્થીના મોતની ઘટના સંભવતઃ પ્રથમ વખત

### પ્રથમ વખત આટલા યાત્રિકો મોતને ભેટ્યા

બની હોવાનું ચર્ચાઇ રહ્યું છે. મૃત્યુ પામેલા નવમાંથી આઠના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે જૂનાગઢ સિવિલ અને એકને ભેંસાણ સિવિલ ખાતે લાવવામાં આવ્યો હતો. આ મામલે સિવિલ સુપરિન્ટેન્ડેન્ટ કૃતાર્થ બ્રહ્મભટ્ટ સાથે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે પરિક્રમા દરમિયાન હૃદયરોગના કારણે આઠ લોકોના મૃત્યુ થયા હતા, તેમને જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા અને એકને ભેંસાણ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

### એક દિવસમાં પરિક્રમા પૂર્ણ કરવાનો આગ્રહ ન રાખો : કલેક્ટર

પરિક્રમાર્થીઓને અપીલ કરતાં જૂનાગઢ જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાએ જણાવ્યું હતું કે ગિરનારની લીલી પરિક્રમામાં લોકો એક જ દિવસમાં વહેલી પૂર્ણ થાય એવા ભાવ સાથે એકસાથે ચાલે છે. એના કારણે હાર્ટ-એટેક, ચક્કર આવવાના બનાવો બની શકે છે. જે ન બને એ માટે લોકોએ ધીરે-ધીરે આરામ લઈને ચાલવું તેમજ જો શરીરમાં આવું કંઈ લાગે તો તાત્કાલિક આરોગ્ય ટીમનો સંપર્ક કરવો જોઈએ. આરોગ્યકર્મીઓને પણ આ બાબતે અવેરનેસ ફેલાવવા સૂચન કરવામાં આવ્યું છે.

# અમદાવાદમાં વિદ્યાર્થીની હત્યાનો આરોપી પોલીસ કોન્સ્ટેબલ નીકળ્યો

અમદાવાદ,તા.૧૩

અમદાવાદના શેલામાં આવેલી માઈકામાં એમબીએના બીજા વર્ષમાં અભ્યાસ કરતા યુવકની હત્યાના કેસમાં પોલીસે આરોપીનો સ્કેચ જાહેર કર્યા ૨૪ કલાકની અંદર આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. હત્યારો પોલીસ કોન્સ્ટેબલ હોવાનો મોટો ખુલાસો થયો છે. સરખેજ પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા વિક્રમ પઢેરિયા નામના પોલીસકર્મીએ હત્યા કરી હતી. હત્યા કર્યા બાદ આરોપી પંજાબ ભાગી ગયો હતો. ઉત્તર પ્રદેશના મેરઠના વતની ૨૩ વર્ષીય પ્રિયાંશુ જૈન શેલામાં આવેલી માઈકા કોલેજમાં એમબીએના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. રવિવારે રાતે આઠ વાગે પ્રિયાંશુ અને તેની સાથે અભ્યાસ કરતા પૃથ્વીરાજ મહાપાત્રા નામના



યુવકને કોલેજમાં ઈન્ટરવ્યૂ હતો. આ કારણસર તેઓ કપડા સીવડાવવા બોપલમાં સરકારી ટ્યુબવેલ પાસે આવેલા એક ટેલરને ત્યાં શૂટનું માપ આપવા ગયા હતા. ત્યાર પછી રાતે જમીને રાતના સાડા દસ વાગે હોસ્ટેલ પરત આવી રહ્યા હતા, ત્યારે રેઈન ફોરેસ્ટ ચાર રસ્તા પાસે વળાંક લેતા સમયે પૂરઝડપે એક કાર પસાર થઇ હતી. જેથી પ્રિયાંશુએ તેને વાહન સરખું ચલાવવાનું કહ્યું હતું અને બંને વચ્ચે બોલાચાલી થઈ હતી.

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર તેમજ ૧૨ પાસ
પગાર ધોરણ :
૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

સંજોગ ન્યૂઝની
ધમાકેદાર
વાર્ષિક લવાજમ યોજના
૧/૧૧/૨૦૨૪ થી ૩૧/૧૦/૨૦૨૫
એજન્સી માટે સંપર્ક કરો મો. ૮૧૬૦૨૦૧૬૪૩
સપ્તાહના સાતેય દિવસ અમરેલીમાંથી પ્રકાશિત થતુ એક માત્ર દૈનિક એટલે
સંજોગ ન્યૂઝ
માત્ર રૂપિયા ૬૯૯/-
માં મેળવો આખું વર્ષ અખબાર
સાથે સપ્તાહમાં બે દિવસ પૂર્તિનો રસથાળ
સંજોગ ન્યૂઝના વાર્ષિક લવાજમ યોજનાનો લાભ લેવા માટે તમારા શહેર અને ગામના એજન્ટોનો સંપર્ક કરવો